સુધરેલી રીત મુજબ
વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમીટીએ
તૈયાર કરેલી

બીજી ચોપડીના અર્થ.

(જેની અંદર અર્થ, કવિતાની સમજુતી; પાઠના સવાલ તથા જવાબ, ભૂગોળ, ડ્રીલ, જોડાક્ષર તથા અઘરા શબ્દો.)

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કો.
પ્રસિદ્ધ કર્તા—*C. M Shah*

પ્રસિદ્ધ કરવાનુ ઠેકાણુ—શાહપોર—સુરત.

જુલાઈ સને ૧૯૨૪] [સંવત ૧૯૮૦
છાપનાર—રઘુભાઈ લલ્લુભાઈ દેશાઈ.
છાપવાનુ ઠેકાણુ શ્રી'અનાવિલ'પ્રિ પ્રેસ, નરાનપુરી ભાગળ સુરત

કિંમત ચાર આના.

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. કૃત.

બીજી ચોપડીના અર્થ.

પાઠ ૧.

મેજ=ટેબલ
સુથાર=લાકડાનુ કામ કરનાર
કડીઓ=છો ઇટનુ કામ કરનાર
મઘમઘે=ખુશબોથી બહેક બહેક થઈ રહે
પવન=વાનુ વાવુ
વાસ=સુગંધ, પીમળ
તળાવ=જેની ચારે બાજુ જમીન અને વચમા પાણી હોય તે
પહાડ=મોટા ડુંગર
પાધર=ખુલ્લી જગા
ધર્મશાળા=મુસાફરોને વગર ભાડાની ઉતર વાની જગા
વટેમાર્ગુ=મુસાફર
ઓસરી=ઓટલી
અજવાળુ=સુરજ દીવા વગેરેનો પ્રકાશ
ઘોર=બીક લાગે તેવુ
ઝગઝગે=પ્રકાશે
ઉજાસ=ઝાખુ, અજવાળુ
સરજ્યા=બનાવ્યા
કળાતુ=સમજાતું
પાડ=ઉપકાર
યાદ=સ્મરણ, સરત
ઉપકાર=પાડ આભાર
ભકિત=ભજન

સાર—દરરોજ ઇશ્વરની ભકિત કરવી

પાઠ ૨.

કવિતાના અર્થ.

વર્ણન=હકીકત
ગવૈયા=ગાયન કરનાર
મધુર=મીઠુ
પંખેરૂ=પક્ષી
ભ્રમર=ભમરો
મુલ્લા=મુસલમાનનો નીમાજી,હોરાઓના ધર્મ ગુરૂ
તૃણ=ઊગેલા અનાજનો છોડ
અંધકાર=અંધારૂ
મુજ=મારા
પંખી=પાંખવાળુ પ્રાણી, પક્ષી
વન=જંગલ
વહાણું વાયુ=સવાર થઇ
વીતી ગઇ=પુરી થઇ
પૂર્વે=પૂર્વ દિશામાં
ઝગઝગાટ=ચળકાટ
ભાતભાતના=તરેહવાર
દીસે=જણાય, દેખાય
પાન=પાદડા, પાતરાં
કુકડા=મરઘા
મેના=એક જાતનુ સુંદર રાગનુ પક્ષી
ફુટડા=રૂપાળા, શોભીતા
તેજ=પ્રકાશ
ફીકુ=ઝાખુ

મોઢું કાળુ થયુ=દેખાતા બંધ થયા, સતાઇ ગયા
ખુણા=ગલી કુચી, છુપી જગા
ખોળે=શોધે
ભક્તજનો=ભગતો
ધ્યાનધરે=આંખ મીચી પરમેશ્વરને જુએ
ગાન=ગાયન
દાતા=સખી, દાનાર
દીયે=આપે

રૂડુ=સારૂ,
બાંગ=બૂમ પાડીને નિમાજ પઢવી તે, નિમાજ પઢવાને માટે બૂમ પાડવી તે
તણો=નો
ઉદય થયો=ઊગ્યો
કમળ=કમળનુ ફૂલ
પત્ર=પાખડી
ખોલે=ઉઘડે, ખીલે
ઉમંગી=હોંસીલા
ધાય=દોડે ઊડે

ઢોર=ચોપગા જાનવર, પશુ
ચારો=ખાવાનુ
વેલી=વેલા
ધીમે ખોલે=ધીમે ધીમે ઊઘડે
નહિ ભૂલ=વગરચૂક
તાજા=તરતના ખીલેલા
ટોળે=ટોળાબંધ
વીરા=ભાઈ
મગન=ખુશી
કેરૂ=નુ
ધ્યાન=ચિત્ત, મન

સવારની હકીકત.

સમજુતી-હે ! મારા વહાલા દીકરા તુ ઊઠ, જંગલમા પક્ષીઓ બોલે છે રાત પુરી થઇને સવાર પડી પૂર્વ દિશામા સુરજ ઊગવાની તૈયારી થવાથી અજવાળુ થયુ તેથી જાત જાતના રંગો દેખાય છે અને ઝાડના પાંદડા હાલે છે, માટે હે ! મારા વહાલા દીકરા તુ ઊઠ જંગલમા પક્ષીઓ બોલે છે [૧] મરઘા કુકરે કુકુ કરે છે અને કાગડા કા કા કરે છે શોભિતા મેન, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે [ટેક ૨] સુરજના ઊગવાથી ચંદ્રમાનુ અજવાળુ ઝાંખુ પડ્યુ અને તારાનો પ્રકાશ દેખાતો બંધ થયો, મતલબ કે તારા દેખાતા નથી તેથી ચોર લોકો ઝંખવાઈ ગયા અને સતાઇ જવા માટે ગલીકુચી શોધે છે [ટેક ૩] ભગત ઇશ્વરનુ ધ્યાન ધરે છે અને ગવયાઓ

ગાયન ગાય છે ઉદાર માણસો ઘણુ દાન આપે છે અને મુલ્લાજી નિમાજ પઢવાને માટે બૂમ પાડે છે [ટેક ૪] સુરજ ઊગ્યો તેથી રાતનુ અંધારૂ જતુ રહ્યુ, ભમરો ગુ ગુ અવાજ કરી રહ્યો છે, અને કમળાના ફૂલની પાખડીઓ ખીલે છે [ટેક ૫] જેમ જેમ સુરજનુ અજવાળુ વધારે વધારે પડતુ જાય છે મતલબ કે જેમ જેમ દિવસ ચડતો જાય છે તેમ તેમ માણસો ધંધે વળગવાને હોસીલા થાય છે પક્ષીઓ આકાશમા દોડે છે, અને ઢોરો ચારો શોધે છે [ટેક ૬] ઝાડ, વેલા, ફળ અને ફૂલ, ભૂલ વગર એટલે નિયમસર ખીલે છે, ઘણા પક્ષીઓ એકઠા થઈને તાજુ અનાજ ખાવાને માટે જાય છે [ટેક ૭] હે ભાઈ! તુ ખુશી થઈને પરમેશ્વરનુ નામ દઈને ઊઠ અને મન દઈને પાઠ વાચ એમ મા પોતાના છોકરાને કહે છે [ટેક ૮]

પાઠ ૩.

વરસ=બાર મહીના
ઋતુ=મોસમ, રત
મહીને=ત્રીસ દિવસ
કાર્તક=હિંદુ વરસનો પહેલો મહિનો
તહવાર=આનંદનો દિવસ
શિઆળો=ટાઢની મોસમ
ઉડાડે છે=ચગાવે છે
ઉતરાણ=સંક્રાંત, સુરજનુ ઉત્તર તરફ જવુ તે

રત=ઋતુ, મોસમ
હોળી=ફાગણ સુદ પુનેમ
સુદ=અજવાળીઉ, મહીનાનુ પહેલુ પખવાડીઉ
વદ=અંધારીઉ, મહીનાનુ બીજુ પખવાડીઉ
પખવાડીઉ=પંદર દિવસ
અમાસ=હિંદુ મહીનાનો છેલ્લો દિવસ, જે દિવસે ચંદ્ર બીલકુલ ઊગતો નથી તે દિવસ
વસ્ત્ર=લુગડા

પંખ=વાજણા
ચોમાસુ=વરસાદની ઋતુ
બળેવ=રાખડી બાંધવાનો દિવસ શ્રાવણ સુદ ૧૫, જનોઈ પહેરવાનો
દશેરા=રાખડી છોડવાનો દિવસ, આસો સુદ ૧૦
દિવાળી=હિંદુ વરસના છેલ્લા મહીનાનો છેલ્લો દિવસ, આસો વદ અમાસ
પર્વ=તહેવાર

સવાલ—વરસની ઋતુ કેટલી ને તે કઇ કઇ ? દરેક ઋતુ કેટલા મહીનાની અને તે મહીના કયા કયા ? વરસના મહીના કેટલા ? મહીનાના દિવસ કેટલા ? પખવાડીઆ કેટલા અને તે કયા કયા ? પખવાડીઆના દિવસ કેટલા ? મહીનામા પુનેમ અને અમાસ કેટલી આવે ? મહીનામા બીજી તિથિઓ કઇ કઇ આવે અને કેટલી વાર આવે ? શિઆળો, ઉનાળો અને ચોમાસાને શેની મોસમ કહે છે ? દરેક ઋતુમા કયા કયા તહેવાર આવે છે અને તે કઇ તિથિએ આવે છે ?

પાઠ ૪.

મેળો=ઘણા માણસો અને ગાડી ઘોડા વગેરેની ઠઠ
ગોકળઆઠમ=શ્રાવણ વદ આઠમ, જન્માષ્ટમી
કડકડના=અણીવાળા
ભાઇબધ=દોસ્તદાર
ઠઠ=ગીરદી ભીડ
વખુટા=જુદા
દુકાન=માલ વેચવાનુ ઠેકાણુ
કસારા=તાબા પિત્તળના વાસણ બનાવનાર અથવા વેચનારા
તાબુ=લાલ રગની ધાતુ
પિત્તળ=તાબુ અને જસતની મેળવણીથી બનેલી પીળા રગની ધાતુ
સુખડીઆ=મિઠાઇ બનાવનાર
હાટ=દુકાન
કોપરાપાક=કોપરાનો બનાવેલો પાક
મિઠાઇ=બરફી, પેડા વગેરે
ખડકેલી=ગોઠવેલી
ખરાદી=સિધાડા ઉપર ઘાટ ઉતારનાર
સામાન=ચીજો, વસ્તુઓ
પલગ=છત્રીવાળો કોચ
પારણુ=હીડોળા જેવુ ઘોડીઉ
કોચ=બે બાજુએ તકીઆવાળો પલગ
કાપડીઆ=કાપડ વેચનાર
સુતરાઉ=સુતરનુ બનાવેલુ
ઊનનુ=ઘેટાના વાળનુ
રેશમી=રેશમનુ બનાવેલુ
શણ=એક જાતનો છોડ એની છાલના દોરડા તથા કપડા બને છે
સરૈયા=અત્તર, ગુલાબજળ, ધુપેલ વગેરે વેચનાર
બહેકબહેક=મઘમઘ

નીવો મેવો=તાજા પાકા ફળ	મદારી=ખેલ કરનાર	સવારો=ઘોડે બેસી ફરનાર સિપાઇ
દ્રાક્ષ=દરાખ	ખેલ=રમત	
ચોગાન=ખુલ્લુ મેદાન	સિપાઇ=ચોકીદાર	કુદણી=ચક્કર

સવાલ—ગોકળઆઠમના મેળામા શુ શુ જોયુ ?

પાઠ ૫	વાટ=ઇલાજ, ઉપાય	લપડાકો=તમાચા
નઠારી=ખરાબ	રાસ=દોરડુ	જીવ લઇને નાઠો=મૂઠ દોડયો
સોબત=સગત	ઢગલેઢગલા=ઘણાજ	
પટેલ=ગામનો ઉપરી	દોસ્ત=ભાઇબધ	ફરીને=પાછળ
વાડી=ફૂલ ફળનાં ઝાડ છોડવાળી જગા	ફક્કડ=સારા	ધોલે=થપ્પડો
	પછવાડે=પાછળથી	ફળ=ફાયદો, લાભ
મઝા=ગમત	રખેવાળ=સાચવનાર	**કવિતાના અર્થ.**
શેખી=પતરાજી	સજજડ=જોરથી	અસર=લાગણી
પારકા=પરાયા, બીજા ના	ઝપાટો=સપાટો	સગ=સોબત, સગત
માને=કબુલ કરે	થડ=ઝાડનો વચલો ગોળ ભાગ	રગ=અસર પાસ
આખરે=અતે, છેલ્લે		પ્રેમ=પ્યાર, હેત
ઝાંપો=કાટાનો દરવાજો	અથડાયુ=અફળાયુ	ઠામ=ઠેકાણુ
આઘે=દૂર	ચકરી=તમ્મર	ઠરશે=ઉભો રહેશે
ખાસા=સારા, મજાના	છુંદાઇ=કચડાઈ	બુરો=નઠારો, ખરાબ
નિશાન=એંધાણુ	લોહીલોહાણુ=લોહીથી ખરડાએલુ	મે’તા=મહેતાજી
તાકીને=ધારીને		ભાગ્યશાળી=નસીબદાર
લૂમ=ઝુમખો	વાડીવાળો=વાડીનો માલીક	વિદ્યા=ઇલમ, ભણતર; હુન્નર
તૂટી પડે=નીચે પડે		

સોબત તેવી અસર.

સમજુતી—જેને જેવી સોબત તેને તેવીજ અસર થાય, જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામા આવે (૧) જેને જેવી સોબત તેના જેવાજ તે કામ કરશે જેને જેવી સોબત તેવીજ જગાએ તે જઇને ઉભો રહેશે (૨) સારી સોબતથી સારો થશે, નઠારી સોબતથી નઠારો થશે, સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે અને નસીબવાન થાય મતલબ કે સારા ગુણવાળા મહેતાજીના હાથ નીચે કેળવાય તો નસીબવાન થાય (૩)

સાર—નઠારી સોબતથી તેની નઠારી અસર આપણાપર થાય છે માટે નઠારા માણસની સોબત કરવી નહિ પણ સારા માણસની કરવી

પાઠ ૬.

રખડેલ=રખડતો
ખાતા પીતા હતા=પૈસે ટકે સુખી હતા
વયે=ઉમરે
પાર રહ્યોજ નહિ=ઘણો જ થયો
વધાઇ=વધામણી ખુશ ખબર
ઓવારણા=દુખડા
ફોઇ પગલુ=ફોઇના તરફથી જે પગલુ બાધવામા આવે છે તે
ભેટ=ઇનામ
લાડીલો=લાડમા ઉછરેલો ,લાડકવાયો
કુટેવ=નઠારી આદત, ખરાબ ટેવ
પોળ=મોટી ખડકી
અટકચાળા=અડપલા, કોઇને ખોટુ લાગે એવુ કર્યા કરવુ તે
લડાઇ=વઢવાડ
વટી જશે=બગડી જશે
મીનુ ચાલવુ=તોફાન મસ્તી ન કરવી
બહાને=નામે
ચૌટુ=બજાર
રઝળતો=રખડતો
ટોળુ=જથો
મસ્તી=તોફાન
લાતાલાતી=લાતબાજી
લાત=પાછલો પગ મારવો તે
ઉતરી ગયો=સાધામાથી ખસી ગયો
ભેકડો તાણતો હતો=મોટે સાદે રાગ કાઢી

રડતો હતો
હાડવૈદ=ઉતરેલુ હાડકુ બરાબર બેસાડનાર વૈદ
લેપ=ખરડ
ઓસડ વેસડ=દવા ને તેના ઉપાય
વલે=દશા, ભુડા હાલ
ખો=આદત, ખરાબ ટેવ
શિખામણ=ફાયદાની વાત, બોધ
સુધરી ગયો=કુટેવ છોડી દીધી

સાર—નિશાળનુ નામ દઇ રસ્તામા રઝળવુ નહિ, અને નઠારાની સોબત કરવી નહિ

પાઠ ૭.

જકકી=પોતાની મરજી પ્રમાણે ચાલનાર,જીદ્દી
વાછરડા=ગાયના બચ્ચા
લવારા=બકરીના બચ્ચા
પાડા=ભેસના બચ્ચા
ગાડરા=ધેટાના બચ્ચા
ચારો=ઘાસ
નીરતો=નાખતો
ખાધે=ખભે
ખેતર=અનાજ પાકે તે જગો
ઝોક=બકરા ઘેટા રાખવાનો વાડો
છાયે=શીળે, છાયડે
વાસળી=વાસની બનાવેલી વગાડવાની નળી
પાવો=પીસવો, સિસોટી
હૂ ફ=ગરમી, આશરો
જતન=રક્ષણ, સભાળ
રબારી=ઢોર ચરાવનાર
ઊચી ગઈ=ઊડી ગઇ, દૂધ દેતી બધ થઈ
જાળવતો=સાચવતો
વિઆય=જણે
ધણી=માલીક
સાચવણ=સભાળ
તકરાર=વઢવાડ રકઝક
શિકારી=શિકાર કરનાર
અજાણ્યુ=ઓળખાણ વગરનુ
મોજ=મઝા આનદ
અભાગીઉ=કમનસીબ

પાઠ ૮.

ગોંધતો=પુરી રાખતો
ચેન=સુખ, મઝા
બ ધીખાનુ=કેદખાનુ
ચાદની=ચદ્રનુ અજવાળુ
ખેલવુ=રમવુ
ઠરેલ=ડાહી
નાદાન=સમજણવગરનુ
સભાળ=મરદાસ
સપડાઇ પડશે=હેરાન થશે, પકડાશે
જક=જીદ્દ, હઠ
લાગ=દાવ, તક
સટકી ગયુ=છાનુ માનુ નાસી ગયુ
ઠેકવા=કુદકા મારવા
પાદર=ગામના ઝાંપા

અહારની જગા	કોતર=ગુફા, બખોલ	બોડ=ગુફા બખોલ
જગડો=જંગલ	તરાપ=કુદકો, ફાળ	કમોતે=વગર મોતે

સાર—માબાપ મહેતાજી વગેરે કોઇ સારી શિખામણ આપે તે મુજબ ચાલવુ હઠ કરવી નહિ

પાઠ ૯.	ભાગ્યે=કદાચ	ટેવ=આદત
રિસાળ=રિસાઇ જાય તેવો	આડોશી પાડોશી=આસ પાસના ઘરના રહેનાર	નકામે=અમથો
સહેજ સહેજમા=જરા જરામા	ભાઇભાંડુ=સગાવહાલા	ઢોંગ=ફેલ
રીસ=ગુસ્સો, મિજાજ	જમણુ=જમવાનુ	વેદના=દુ ખ
છેડો=પાર	ચીસ=બીકથી બુમ પાડવી તે	મુલક=મીનકુલ, જગાપણુ
		પસ્તાયો=દીલગીર થયો
		નડે છે=હેરાન કરે છે

સાર—જરા જરા વારમાં રિસાઇ જવુ નહિ

પાઠ ૯.	મહેનત શરૂકરી=મહેનત કરવા માંડી	ખંત=ચેટક, કાળજી
જાળ=કરોળીઆનુ પડ, જાળુ, ફાંદો	માટ=મટે	યત્ન=મહેનત
ફરી ફરીને=વારે વારે	ફાવ્યો=પાર પાડયો	ચગદાઇ=છુંદાઇ, દબાઇ
વિષે=બાબત	ઘાટ=ઉપાય	તળે=નીચે
વણ=વગર	મંડયો=હોંસથી મંડયો રહ્યો	મોત=મરણ
તૂટેલે=તુટી ગએલે	ધીરજ=સબુરી	તજી=છોડી
તાતણે=તારે	નીરધાર=નકકી	અનંત=વણોજ
		લાભ=ફાયદો
		પામે=મળે

ફરી ફરીને સારૂં કામ કરવા બાબત.

સમજુતી-કરોળીઓ જાળ બનાવતા ભોંયપર પડી જાય છે,

ત્યારે ગભરાય છે અને વગર તૂટેલા આખા તાર ઉપર ચઢવાને માટે ફરીથી જાય છે (૧) તેણે (કરોળીઆએ) તાર ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી, પણ તુરત તે નીચે પડ્યો અને ઉપર ચઢવાના કોઇ ઉપાયમા ફાવ્યો નહિ (૨) એની રીતે પડતો અને ચઢતો ફરી ફરીને બે ત્રણ વાર મંડ્યો રહ્યો તોપણ તેમા ફાવ્યો નહિ ત્યારે ફરીને ચઢવાને તૈયાર થયો (૩) હિંમત રાખીને ઉમંગથી તે છટ્ટીવાર ચઢવાને મંડ્યો, તેણે ધીરજ રાખી તેથી તે નક્કી જાળામા જઇ પહોચ્યો (૪) જો કરોળીઆએ ફરી ફરીને કાળજીથી મહેનત નહિ કરી હોત તો પગ તળે છુંદાઇને વગર મોતે મરી જાત (૫) એ પ્રમાણે કરોળીઆની પેઠે જો માણસો મનમા કાળજી રાખીને આળસ કાઢી નાખીને મહેનત કરે તો ઘણોજ ફાયદો મળે

સાર—સારૂ કામ ફરી ફરીને ઉમંગથી કરવુ

પાઠ ૧૧.	ભિલ્લુ=સાથી	પેંતરા=ડગલા પગલા
ચકભિલ્લુ=એક જાતની રમત	વડો=મોટો	નજર ફેંકી=જોઇ
	સરદાર=ઉપરી	પૂર જોસથી=ઘણા જોરથી
કચ્છ=કાછડો, કચ્છો	વમી રહ્યા=આમથી તેમ ફરી રહ્યા	ભૂલથાપ=ભુલાવો
ગઢ=કિલ્લો		શાબાશ=ધન્ય
સાથી=સોબતી	દાવ=લાગ	દાવ=રમતનો વારો

સાર—શરીરની સાથે મન કેળવાય એવી રમતો રમવી

પાઠ ૧૨.	ફેંકવાની લાકડી	કંઇ મજા પડવાની નથી
દઢ મનવાળો=પાકા વિચારવાળો	ડગલુ=પગલુ	
	રંગ જામ્યો=મજા આવી	વચન=બોલ
ગેડીદડા=દડો અને તેને	પછી તો ધળ=પછી	ખાતરી=ભરોસો

સુનુ=વસ્તી વગરનુ
મો ફેરવી=મો ચઢાવી
પીડા=પચાત, દુઃખ
મન ડગવા દીધુ નહિ=મરજી મુજબ કર્યું નહિ

પાઠ ૧૩.

મધમાખી=મધ બનાવનારી માખી
કુટુંબ=વંશ, ઓલાદ
છ છેડે=હરકત કરે
પીડ=વાસો
ધાટ=શરીરનો આકાર
સોહામણી=શોભિતી
ભપકાદાર=રોપવાળા
કોરીને=કાણાં પાડીને
દુભવો=નારાજ કરો
નુકસાન=બગાડ
સ્વાદે=લહેજતથી
નવાઇ=અચરજ

સાર—કોઇનુ ભલુ કરીએ તો આપણુ ભલુ થાય, અને કોઇનુ બુરૂ કરીએ તો આપણુ બુરૂ થાય

પાઠ ૧૪.

મોસાળ=માના બાપનુ ઘર, મામાનુ ઘર
આખ ટાઢી થઈ=સંતોષ થયો
અંગેઠી=પોક પાડવાની ભઠ્ઠી
ઉલટભેર=હોંસથી
વાક=ગુનો, તકસીર
સાજુ=આખુ
ઉતાવળ=ઝડપ
ઠેસ=ઠોકર

સાર—(૧) કોઇપણ કામ ઉતાવળથી કરવુ નહિ (૨) જેવુ આપણુ તેવુ સામાનુ સમજવુ

પાઠ ૧૫.

ઢીંગલી=નાની પુતળી
તખતો=આરસો
ઝુટ=એકદમ ઝડપ મારી લઈ લેવુ તે
સરી પડયો=લપશી ગયો
બરડ=ઝટ ભાગી જાય એવો
પછાડીએ=અફાળીએ
ખેંચતાણુ=ખેંચાખેંચી
કાયર=હેરાન
પજવે=દુઃખ દે
ફુટી બદામ=ખોટી બદામ, ઘણીજ નજીવી કિંમત
સહીઅગો=બેનપણીઓ
કટ્ટા=એક બીજાની સાથે બોલવુ કે રમવુ નહિ તે
આપણુ=આપણે
સુખચેન=મઝા
શોક=દીલગીર
લાજ=આબરૂ
ઘટે=ઓછી થાય
નિંદે=ખોટુ ખોટુ બોલે
બળવંતા=જોરાવર
સદા=હંમેશા
લેશ=જરાપણ
કલેશ=કંકાસ
કાય=કોઇ

હળીમળીને રહેવા વિષે.

સમજુતી—આપણે બને જણુ ભાઇ અને બેન મળી સપીને હળીમળીને રમીએ તો સુખ થાય અને મજા પડે, પણ જો લડીએ કે કજીઓ કરીએ તો ઘણી દીલગીરી થાય, આબરૂ ઓછી થાય, અને લોકો નઠારૂ બોલે (૧) હે જોરાવર બાપ પરમેશ્વર તુ અમને હમેશા સપ આપ, (હળીમળીને રહેવાની બુદ્ધિ આપ) જેથી કરીને કોઈ દિવસ જરાપણ કકાસ થાય નહિ, ને અમારા દહાડા સુખમા જાય (૨) છોકરા હળીમળીને રહેતા હોય અને કોઇ દિવસ કોઈ લડે કે રડે નહિ, તેઓ હળીમળીને રમે, જમે અને ગીતો ગાય, તો મા ઘણી ખુશી થાય (૩) **સાર**-ભાઇબેન સાથે સપસપીને ચાલવુ

પાઠ ૧૬.

રામચદ્રજી=અયોધ્યામા એ નામના રાજા થઇ ગયા તે, (હિંદુ લોકો તેમને પરમેશ્વરનો અવતાર માને છે)
ઇચ્છા=મરજી
ગભરાટ=ગભરામણ
છેવટે=આખરે
ફેરવવા=બદલવા
ફાફા=ખોટી મહેનત
ગણકાર્યુ=માન્યુ
ડસકા=રડતાં ડરતા આચકા ખાવા તે
રોણુ=રડવાનુ તોફાન
ખીજવાયા=ગુસ્સે થયા
ગોદ=ખોળો
ધીર=ધીરજવાળા
છાના=મુગા
પ્રધાન=વજીર
દર્પણ=આરસી
દશરથ=રામચદ્રજીના બાપ
મહારાજા=મોટારાજા
શ્રી=સારા, શોભાયમાન

સાર—અક્કલ વાપરી યુક્તિથી કામ કરવુ

પાઠ ૧૭

વગર વિચાર્યુ=વિચાર વગરનુ
જોડુ=ઘણીવણિઆણી
કચરો પુજો=કચરો વગેરે
પરવરી=નવરી થઇ
કથા=ઇશ્વર સબધી વાત

મળતુ=પેદાશ થતી
ગુજરાન=ગુજારો
છોકરાછૈયા=છોકરા છોકરી
પેટે=પોતાને
ઓછુ આવતુ=ખોટુ લાગતુ
પાપ=ખોટા કામ
આધાર=આશરો, ભરોસો
સારૂ=ભલુ, કલ્યાણ
આગણુ=બારણા આગળની જમીન
તરફડતુ=તરફડીઆ મારતુ
દયા=રહેમ, મહેર
ઉછેરીને=મોટુ કરીને
જન્મ થયો=અવતર્યો
લોહીઆળુ=લોહીવાળુ
ગુસ્સો=રીસ
બેડુ=ગાગર ને ઘડો
કકડા=ટુકડા
ભાગીતગી=સમજાય નહિ તેવી
બોલી=બોલ
મૂર્ખ=બેવકુફ
પાપી=ચંડાળી, દુષ્ટ
અભાગણી=કમનસીબ
પુત્ર=છોકરો
જીવ=પ્રાણ
વળે=કામ આવે
જાન=જીવ

વગર વિચાર્યું ન કરવા બાબત.

સમજુતી-જે માણસ વિચાર કર્યા વગર કામ કરે છે, તે પાછળથી દીલગીર થાય છે, જુઓ, એવા વગર વિચારના કામ કરવાથી ઘણાના જીવ જાય છે મરીજાય (૧) **સાર**—ઉતાવળથી વગર વિચારે કામ કરવુ નહિ

પાઠ ૧૮.

સંદેશો=ખબર
ખોડગતો=નગડાતો
દુખી=હેરાન
મદદ=આશરો
ઉકાળુ=ગરમ
પરાળ=ભાતનુ વાસ
છાપુ=ચાલતા વખતની ખબરનો છાપેલો કાગળ
છાપખાનાવાળા=છાપખાનાનો માલીક
ગોઠવણ=બંદોબસ્ત
ગાર્ડ=સંભાળ રાખનાર
સરનામુ=ઠેકાણુ
સ્ટેશન=આગગાડી ઉભી રાખવાનુ મુકરર ઠેકાણુ
ખડખડાટ=અવાજ
સિસોટી=પીસવો

- ડરતો=બીતો
- ૫ પાળી=હાથ ફેરવી
- ડર=બીક
- નજીક=પાસે, સોડે
- ઠરાવ=કરાર, થએલી વાત
- ઝપાટાબંધ=દોડતો
- ખબરદાર=હોશિયાર
- આઠ કલાકમા ૧૫ મિનિટ બાકી=૭॥ વાગે

સાર—(૧) દુખી પ્રાણીપર દયા રાખવી (૨) જનાવરોને કેળવવાથી તેઓ માણસ જેવુ કામ કરી શકે છે

પાઠ ૧૯.

- રીતસર=નિયમસર
- વારો=દાવ, વખત
- તોફાની=મસ્તીખોર
- ખસેડી=આઘો કરી
- માથુ મારી=હિંમત કરી
- કોણી=હાથને વાળવાનો વચનો સાંધો
- ઢીમણુ=ઢીમુ
- છાતીવાળો=હિંમતવાન
- ધરાયો=તરપત થયો
- હડસેલી=ધક્કો મારી
- વેગળા=દૂર
- બઝાડી=વળગાડી
- પેટભરી=જોઈએ તેટલ

સાર—(૧) ગરીબ માણસને મદદ કરવી (૨) ઈશ્વરે આપણને બળ આપ્યુ હોય તો તે ગરીબ માણસને મદદ કરવામા વાપરવુ

પાઠ ૨૦.

- ખલીફા=મહમદ પેગંબરના વારસ
- પાદશાહ=મુસલમાન રાજા
- દરબાર=રાજકચેરી
- દેખાવડો=રૂપાળો
- સુબો=સુબેદાર, સરદાર
- નીમણુક=ગોઠવણ
- હુકમ=આજ્ઞા
- ખાસ=જુદો, ખાનગી
- શાહજાદો=પાદશાહનો દીકરો
- શાહજાદી=પાદશાહની દીકરી
- ચીતરામણ=ચિત્ર
- તહેનાતમા=ખીજમતમા, હજુરમા
- છોકરવાદી=નાદાની
- કારણ=સબબ, મતલબ
- નામદાર=પ્રખ્યાત, નામીચો
- ફરમાવશો=હુકમ કરશો
- સમજુતી=સમજણ
- મોએ ચડેલો=વધારે ઓળખવાને લીધે બીક વગર બોલનાર
- અરજ=વિનતી
- ફરજંદો=બચ્ચા, છોકરા
- લાડ=વહાલ
- અલ્લા=ખુદા, પરમેશ્વર
- ગુનો=વાંક, તકસીર
- માફ=ક્ષમા

દીલ=મન
દીલગીરી=નાખુશી
ઓહ્દા=હકુમત
નીમ્યો=નીમણુક કરી
કઠણ હૈયાનો=દયા વગરનો
રદ કરવુ=ફેરવી નાખવુ
આરબ=અરબસ્તાનનો રહેવાસી

સાર—માણસની રીતભાત ઉપરથી તેના ગુણની પરીક્ષા થાય છે

પાઠ ૨૧.

આધળો=જેને બે આખે દેખાય નહિ તે
લગડો=લુલો
ઢેકાઢળીઆ=ખાડા ટેકરા
માળા=પક્ષીના ઘર
આસપાસ=આજુબાજુ
કોહલા=ફાડી ખાનારા જાનવર
વાઘ=ફાડી ખાનારૂ ચટાપટાવાળુ જાનવર
વરૂ=કુતરા જેવુ ફાડી ખાનારૂ જાનવર
ખોખારો=અવાજ
આડે=અવળે
દુવા=આશિષ, આશીર્વાદ
ધોરી=મોટા, સરનામ

સાર—એકબીજાને મદદ કરવી

પાઠ ૨૨.

પડછાયો=ઓળો
ભાગોળ=દરવાજો, દરવાજા પાસેનો બજાર
ભાગ=હિસ્સો
પાર=કિનારો
નદી=મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાથી નીકળી ઢળતી જગામા થઈ બીજી નદી કે સમુદ્રને મળે છે તે
કુદકો=છલગ
પુલ=નદીપરથી જવાને બાંધેલો રસ્તો
થાક=વિસામો, આરામ
અદેખો=બીજાનુ સારુ જોઇ બળે એવો
લોભી=લાલચુ
તરાપ=કુદકો, છલગ
ખોળ=શોધ, તપાસ
પડાવી=ખુચવી, છીનવી
દાનત બગાડી=પડાવી લેવાની ઇચ્છા કરી
ગુમાવ્યુ=ખોયુ
તાકે=ધારે, વિચારે

સાર—લોભ કરવો નહિ.

પાઠ ૨૩.

ખરીદ કર્યું=વેચાતુ લીધુ
સદેહ=વહેમ, શક
હડકવા=કુતરા, કોહલા વગેરેને એક જાતનો રોગ થાય છે તે
દરકાર=પરવા
ડાચકુ=ડાચુ
બચકુ=બાકુ

ખામી=કસુર
છુટુ મૂકી દીધુ=છોડી દીધુ
અભડાયો=અડકાયો
ભરોસા=વિશ્વાસ

સાર—આપણી આખે ખરૂ દેખાયા છતા બીજા પર ભરોસો રાખી ચાલવુ નહિ

પાઠ ૨૪.

લખોટા=મજો
છાનોમાનો=ચુપચુપ
બગાડયુ=ખરાબ કર્યું
વિના=વગર
સજા=શિક્ષા
ભૂલીશ=વીસરીશ
ચોરી=છાની રીતે બીજાની વસ્તુ લેવી તે
ચોર=છાની બીજાની વસ્તુ લેનાર

સાર—ચોરી કરવી નહિ.

પાઠ ૨૫.

કુહાડી=લાકડા કાડવાનુ હથિયાર
ભાયડો=મરદ
શાણો=ડાહ્યો
બહાદુર=જોરાવર
ઘાવ=ઘા
ભાળે=જુએ
નીર=પાણી, જળ
તાહી=ત્યા
નિહાળ્યુ=જોયુ
માહી=અદર, મા
કર્યો=બીધો
ઝલતા ને સમતા=પાણીમા આમ તેમ ડોલ્યા કરતા અને તેની અદર સમાઈ જતા
સૂણી=સાભળી
સાદ=અવાજ
ભલા=દયાળુ
દેવી માતા=દેવી
વદે=બોલે
માયુ હલાવી=ડોકુ ધુણાવી, ના કહી
સપત=દોલત
મહેર=મહેરબાની, દયા
જગનાથ=જગતનો ધણી, પરમેશ્વર

કુહાડી.

સમજુતી-નાનો છોકરો બાપની કુહાડી લઈ જોરાવર ડાહ્યો મરદ બન્યો ને જે કઈ ચીજ જુએ તે ઘા મારીને કાપે, એમ રમતો ગામને પાદરે તળાવ ઉપર ગયો (૧) ત્યા તળાવમા માછલાએ

જરા પાણી હલાવ્યુ તેથી છોકરાએ પાણીની અદર કઇક જોયુ તેથી છોકરો મનમા બીધો અને કુહાડી પાણીમા પડી ગઇ તે વખતે તે બહુ ધાટો પાડીને રડયો (૨) હમેશા પાણીમા આમ તેમ ડોલ્યા કરતા અને સમાઇ જતા એના દયાળુ દેવી માતા છોકરાનો અવાજ સાભળીને પાણી ઉપર આવ્યા દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે પણ છોકરો કહે છે કે હે ! માતા, મારી કુહાડી એવી નથી (૩) બીજી વખત સોનાની કુહાડી કાઢી લાવીને બતાવી ત્યારે માથુ ધુણાવી ના કહીને છોકરો કહે છે કે એ પણ મારી નથી મને તો મારી કુહાડી બહુ ગમે છે માટે હે ! દયાળુ માજી તમે પાણીમાથી મારી કુહાડી કાઢી આપો (૪) દેવીએ કુહાડી કાઢી આપી, અને છોકરા સાથે બોલ્યા છોકરાને કહ્યુ કે તને સુખ અને દોલત મળજો ને પરમેશ્વરની મહેરબાની થજો **સાર**—પારકી વસ્તુ પર લોભાવુ નહિ

પાઠ ૨૬.	ખુબસુરત=દેખાવડો	મુકામે=ઘેર
ભરપૂર=ભરેલો	હેત=પ્યાર વહાલ	હૈયુ ભરાઈ આવ્યુ=
પૈસેટકે ખાલી=ગરીબ,	દેશાવર=પરદેશ	રડવુ આવ્યુ
પૈસા વગરનો	કપરા=અઘરા, સખત	પપાળતા=હાથ ફેરવતા
હાલત=દશા	લાચાર=નાચાર	ગરદાસ=ચાકરી
ખૂટી ગયું=ઓછુ થયુ	મૂલ=કિમત	પરવડે=મોજે, પાલવે

સાર—દરેક માણસે પોતાના પાળેલા પ્રાણીપર ઘણોજ પ્યાર રાખવો અને જરાપણ દુઃખ દેવુ નહિ

પાઠ ૨૭.	આખ=નજર	લજવ્યુ=શરમાવ્યુ
ઝરો=પાણીનો વહેળો	નારાજ=નાખુશ	શરીર=દીલ
ભરાવ=દેખાવ	બબડવુ=મનમા બોલવુ	લલકારવુ=નલકારથી

બોલવુ

ચમકી=ચોંકી

પારધી=શિકારી

કેડો=પુંઠ

વટાવી=ઓળંગી

વખોડવુ=ધિક્કારવુ

મોહી પડયુ હતુ=રાજી થયુ હતુ

ફસાવી દીધુ=દુ:ખમા નાખ્યુ

સાર—કોઇપણ ચીજને વગર વિચારે વખોડવી કે વખાણવી નહિ.

પાઠ ૨૮.

શિઆળ=શિયાળાના

શહેર=જેમા છોબંધ ને હારબંધ ઘરો હોય અને સારા સારા બજારો હોય તે

મચકા=ડાફા

રંગરેજ=રંગારો

જરદી=પીળો

પાસ=અસર

આગણે=બારણે

કોઢ=પેઢી, લુહાર જે જગાએ બેસી ઘાટ ઘડે છે તે જગા

ભઠ્ઠી=મોટો ચુલો

ધગધગતા=ઘણાજ ઉના

નકલ=બીજાનુ જોઇને કરવુ તે, કોપી

સાર—કોઈની ખોટી નકલ કરવી નહિ

પાઠ ૨૯.

વરો=જમણવાર, ન્યાત

ઘી=તાવેલુ માખણ

પીયર=બૈરીના બાપનુ ઘર

મણ=૪૦ શેર

ટાંકણે=ટાણે, અવસરે

મેળાપ=મુલાકાત

ચડભડી=લડી

રડયુ ખડયુ=જવલ્લે

લેખવે=ગણે

મોંઘે ભાવે=ઘણી કિંમત

નથી

ખપ=જરૂર

રંક=ગરીબ

ભારેખમ=ભારબોજ વાળા

માન=આબરૂ, ઈજ્જત

સાર—ભારેખમ થઇ ખુણે બેસી રહીએ, તે કરતા બહાર પડી બધાના ઉપયોગમા આવવુ સારૂ છે, એમ કરવાથી વગર માગે માન મળે છે

પાઠ ૩૦.

કુંવર=રાજાનો છોકરો

બાપકર્મી=બાપની કમાઇ ખાનાર

આપકર્મી=પોતાની કમાઇ ખાનાર

રાજપાટ=રાજગાદી

તીર્થ=પવિત્ર જગો

ધન=દોલત

ભાભી=ભાઇની વહુ
વતન=જન્મભૂમિ
ઓચીતુ=એકદમ
તરાપ=છલંગ
ઠેકાવી=ઠેકડો મરાવી
સેના=લશ્કર, ફોજ
ઉપરી=સરદાર
હિંમત=હામ
લુણ=મીઠું, અનાજ
ફતેહ=જીત
પ્રાર્થના=માગણી
તડગધુમ=ડંકો વગાડતા તેમાથી નીકળતો અવાજ
ડંકો=લડાઇનુ વાજીંત્ર, નોબત
નિશાન=ધજા, વાવટા
દુશ્મન=શત્રુ
ફોજ=લશ્કર, સેના
તક=દાવ
સરદારી=ઉપરીપણુ
નાસભાગ=નાસાનાસ
કુંવરી=રાજાની છોકરી
બહાદુરી=હોશિયારી
વરમાળ=વરને કન્યા જે માળા પહેરાવે છે તે

સાર—જાતે પેદા કરી ખાવાની ઇચ્છા રાખવી

પાઠ ૩૧.

દેડકો=ચોપગુ પાણી તથા જમીનપર રહેનારા પ્રાણી
ઘાસચારો=ઘાસ વગેરે
લહેર=સપાટો
તડુકતો તડુકનો=લહેકાતી ચાલ ચાલતો
ખાબોચીઉ=પાણી ભરાયલો નાનો ખાડો
જીવ=પ્રાણ
સરાઉ=કોઇ વખાણ કરે તેમ ફુલે એવી
ફુલાવી=મોટુ કરી
બેટા=દીકરા
બોલ=શબ્દ
મમત=જીદ, હઠ
ગજા=શક્તિ
ઉપરાંત=વધારે

સાર—ગજા ઉપરાંત કામ કરે તો મરે, નહિ તો માંદો થાય, માટે ગજા ઉપરાંત કામ કરવુ નહિ

પાઠ ૩૨.

ભિખારી=ભીખ માગનાર
તળાવડી=નાનુ તળાવ
લપશી=ખસી, સરી
ધ્રુજતો=કંપતો, થરથરતો
ખાદી=જાડુ લુગડુ દોટી
વાત=વાગત
મલમલ=ઝીણુ સુતરાઉ કપડુ
મઝારો=પમીનો
સાહુકાર=રૂપીઆ ધીરવાનો ધંધો કરનાર
જેમ તેમ=ગમે તેમ
બેદરકાર=બેપરવા, ગરજ વગરનો
કસ=કેસ
જાતે=પોતે

સાર—કપડા મેલા પહેરવા નહિ, એટલુજ નહિ પણ તે ગમે તેમ પહેરવા નહિ

પાઠ ૩૩.

બ્રાહ્મણ=હિંદુની ઉંચી જાત
ભણેલા=અનુભવ મેળવેલા
સારો=લાયક
ધંધો રોજગાર=વેપાર વણજ
જડતો=સૂઝતો, માલમ પડતો
દેશાવર=પરદેશ

દોરીને=હાંકીને
સ્ત્રી=બૈરી
પગલા=પગનાતળીઆનો આકાર
અંગુઠીઆ=પગને અંગુઠે પહેરવાનુ ઘરેણુ
જોટવા=પગને અંગુઠે તથા તેની જોડેની આગળીએ પહેરવાનુ રૂપાનુ ઘરેણુ
નિશાની=એંધાણી

વહેળો=નાની નદી
શેલો=શીલા, પથ્થર
ધોબી=લુગડા ધોવાનો ધંધો કરનાર
ધોબણ=ધોબીની બાયડી
રાજમારગ=મોટો રસ્તો
ડુંકડુ=પાસે, નજીક
છેક નજીક=ઘણા પાસે
ખંતીલા=કાળજીવાળા
મેગળ્યા=[illegible] કીધા

સાર—[illegible] રાખી જોવાની અને તે ઉપર વિચાર કરવાની ટેવ રાખવી

પાઠ ૩૪.

મહિમા=મોટાઇ
જગપતિ=જગતનો ધણી, પરમેશ્વર
જગ=દુનિયા
રચી=બનાવી
રચના=બનાવટ, ગોઠવણ
નવરંગી=તરેહ તરેહના રંગના
તરુપાન=ઝાડના પાંદડા

પા'ડ=પહાડ
કરાડ=કરાડા, ગુફા
સિંધુ=દરીઓ, સમુદ્ર
સરિતા=નદી
ઘાટ=પહાડ ઉપર ચઢવા ઉતરવાનો રસ્તો, ઓવારો
રળિઆમણી=[illegible]
વાટ=રસ્તો
શીતળ=ઠંડા

સા[illegible]=સારાં
સૂર=સુર [illegible]
[illegible]=મેહ
[illegible]=[illegible]
મ[illegible]=[illegible] સારુ લાગે તેવું મોહુ
[illegible]=અવાજ, શબ્દ
[illegible]=[illegible]
[illegible]=લાભ
[illegible]=[illegible] લાગી

પહોળી જગા, ચોગાન	ચાવણુ=ખાવાનુ, ખોરાક	શકાય નહિ
તરતા=પાણી ઉપર રહેતા	સાથ=સાથે	સરજી=પેદા કરી
અહીં=મા	કળા=હીકમત, યુકિત	સરજનહાર=પેદા કરનાર,
આખડી=આખ	કળી શકાય નહિ=સમજી	પરમેશ્વર

પરમેશ્વરની મોટાઇ.

સમજુતી-જગતના બનાવનાર પરમેશ્વરે આ દુનિયામા ઘણીજ **સારી** બનાવટ કરી છે તેણે આ દુનિયામા નાના મોટા એમ ઘણી જાતના જીવો બનાવ્યા છે (૧) તરેહવાર રગના ખીલના ફ્ને, ગાયન ગાતા પક્ષીઓ, અને સારા રગવડે શોભતા ઝાડના પાદડા, તથા પક્ષીની પાખો તેણે મનાવ્યા છે (૨) પરમેશ્વરે મોટા મોટા પહાડો, નદી, પહાડમાથી જવા આવવાના રસ્તા, શહેર અને જગલના રસ્તા વગેરેની આની શોભિતી બનાવટ બનાની છે (૩) શિઆળામા ઠડો પવન સરી ઠડક આપે છે અને ઉનાળામા સુરજનો તાપ નકકી ઘણો પડે છે (૪) ચોમાસાની ઋતુમા વરસાદ વરસે છે, ઝાડો પર ફળો લટકતા દેખાય છે, અને મોરનો મીઠો અવાજ સભળાય છે (૫) અજવાળીઆમા ચદ્રનુ અજવાળુ આનદ આપે છે અને અધારીઆમા તારાના પ્રકાશનો રગ શોભિતો દેખાય છે (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટા મેદાનો મનાવ્યા છે વળી પાણીમાના વેલા અને તેના પાદડાં કેવા તરે છે ! (૭) હે પરમેશ્વર, તે જોવાને માટે આખ આપી છે, સાભળવાને માટે કાન આપ્યા છે, અને બોલવાને માટે જીભ આપી એ સારૂ કર્યું છે (૮) વળી દાત આપ્યા તેની સાથે ખોરાક આપીને બહુ ઉપકાર કર્યો છે, હે ! પેદા કરનાર પરમેશ્વર તે જુકિત કરી છે તે સમજી શકાય તેમ નથી (૯) **સાર**-પરમેશ્વરે માણસ જાતના સુખને માટે દુનિયામા બધી વસ્તુઓ

બનાવી છે, તેનો પાઠ વળવા દરરોજ તેની ભકિત કરવી

પાઠ ૩૫.

વિશાળ=મોટા ડાળા પાખડા ખૂબ ફેલાએલો હોય એવો
છજેલ=છવાઇ રહેલી
તબુ=કપડાનુ ઘર
તાડ=સૌથી ઉંચુ ઝાડ
કેળ=કેળાનુ ઝાડ
પલ્લવ=પાદડાં
વનસ્પતિ=ઝાડ, છોડ વેલા વગેરે

ધરી=પહેરી
સ્હોય=શોભે
કોયલ=કાળા રગનુ મધુર રાગનુ પક્ષી
કલોલ=મજા ખુશી
તીતર=તીણા રાગનુ પક્ષી
વિશેષ=વધારે
બેશ=સરસ, સારી રીતે
કેસુડો=ખાખરના ફૂલનો
ઘોળીને=હલાવી હલાવીને ,મેળવીને

ફુવારા=પણી ઉંચુ ઉરાડવા માટે બનાવેલો ઘાટ
નવરગ=તરેહ તરેહના રગ
અપાર=ઘણુ જ
મોર=આબાના ફૂલ
કોર=બાજુ
ચાદની=ચદ્રમાનુ અજવાળુ

પાનખર ઋતુ (વસત ઋતુ)

સમજુતી-મોટા વડના ઝાડ પર પથરાએલા વેલા તે જાણે તબુ ઉભો કર્યો હોયની ! એવુ દેખાય છે તબુપર જેમ ધજા, વાવટા ફરફરતા હોય તેમ, કેળ, નાળિએરી અને તાડના ઝાડ ધજા ને વાવટા જેવા જણાય છે (૧) ઝાડના પીળાં અને પાકા પાદડા હોય તે ખરીને જમીનપર પડે છે, પછી ઝાડને નવા પાદડા આવે છે તેથી ઝાડ શોભિતા દેખાય છે (૨) વસત ઋતુમાં જુના પાદડા પાકા થવાથી ખરી પડે છે અને તેને બદલે નવા પાદડાની ફૂગી નીકળે છે કોયલ મધુર શબ્દ બોલે છે, તીતર, કબુતર અને બીજા ઘણા પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે (૩) લોકો કેસુડાના ફૂલનો કેસુડો રગ ઘોળીને હોળી રમે છે, એટલે રગની એક બીજા પર પીચકારી મારે છે, બાગમા ફુવારા ઉરાડે છે અને બજારો તથા ચોકમા

પાણી છાટે છે મતલબ કે પાણીનો છટકાવ કરે છે (૪) ભમરાઓ ગુ ગુ અવાજ કરે છે, અને ઝાડો પર ઘણા તરેહવાર રગો દેખાય છે આમા ઉપર મોર આવવાથી તે શોભે છે, અને ચોતરફ ચાદની શોભી રહી છે (૫) માણસો લહેજતથી ખુશીથી શીખડ ખાય છે અને ઠડુ પાણી પીએ છે પશ્ચિમ અને દક્ષિણ તરફના પવનથી શરીર સુખી રહે છે (કારણ પશ્ચિમ અને દક્ષિણમા દરીઓ હોવાથી પવન ઠડો આવે છે)

પાઠ ૩૬.

ટેકરો=નાનો ડુગર

પડછાયો=ઓળો

ઓળો=પડછાયો

પીઠ=વાસો

ઊગમણું=પૂર્વ, સુરજ જે દિશામા ઊગે છે તે

આથમણું=પશ્ચિમ, સુરજ જે દિશામા આથમે છે તે

ઉત્તર દિશા=પૂર્વ દિશા તરફ મો કરી ઉભા રહેતા જેણી ગમ ડાબો હાથ આવે તે

દક્ષિણ દિશા=પૂર્વ દિશા તરફ મો કરી ઉભા રહેતા જેણી તરફ જમણો હાથ આવે તે

ધ્રુવનો તારો=ઉત્તર દિશામા આકાશમા જે તારો એકની એકજ જગાએ ઝીણો ઊગતો દેખાય છે તે

સવાલ-પૂર્વ અને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી ? પડછાયો સુરજથી કઇ દિશામા હોય ? લાબામા લાબો અને ટુકામા ટુકો પડછાયો ક્યારે હોય ? ઉત્તર દિશા શી રીતે જાણવી ? દહાડે દિશાઓ શા ઉપરથી જાણી શકાય ? રાત્રે દિશા શા ઉપરથી જાણી શકાય ? સામાસામી દિશાઓ ગણાવો

પાઠ ૩૭.

બેસતુ વર્ષ=કારતક સુદ ૧

દાંડી=પખાની હાથમા પકડવાની લાકડી

માપ=ભરતર

મથાળે=ટોચે

૪૮=બાર ઇંચ, અડધો ગજ

લબાઇ=લાબાપણુ

પહોળાઇ=પહોળાપણુ

ઇંચ=તસુ, સવાકા જેટલી જગા

મધ્યમા=વચમા

પગથીઉ=નાની ઓસરી

થોર=યુવેરીઆ

કરા=ભીંત, દિવાલ

સવાલ—નકશામા ઉત્તર દિશા કયા હોય છે ? ઉત્તરની સામે કઈ દિશા ? પૂર્વ ને પશ્ચિમ દિશા શી રીતે ઓળખવી ? નિશાળનો નકશો શી રીતે કાઢવો ?

પાઠ ૩૮.

ધોરી=સરિયામ
આગગાડી=વરાળથી ચાલતી ગાડી
નિશાન=એધાણ
સમજ=સમજણ, ભાન
ખેતર=અનાજ પાકે છે તે જગા
ગોચર=ગાયોને ચરવાની જમીન

સવાલ—રસ્તો બતાવવાને બેવડી લીટી શા માટે દોરવી ? નદી કુણી તરફ વહે ?

પાઠ ૩૯.

વગડામા=ઉજ્જડ જગામા
પોપડો=ઢોરને ચરવાની જગા, ચરો, બીડ
આંબાવાડી=આંબાના ઝાડ ઘણા હોય એવી વાડી
નિચાણમા=ઢળતી જગામા
ઢાળ=ઢોળાવ
દહેરૂ=દેવળ
કાંઠે=કિનારે
ભાઠુ=કાંઠાપરની ખેડવા લાયક જગા
વહેણ=રેલો
ચાલાક=ચપળ
પાર=કાંઠો, કિનારો
પાળ=કોરણ
ડાગર=ભાત
મસ=ઘણુ
ઇશાન=ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો
નજરે પડયા=દેખાયા
સુગમ=સહેલુ

સવાલ—પવન કઈ દિશા તરફ વાતો હતો તે શા ઉપરથી કહ્યું ? ટાઢો પવન લાગવાનુ કારણ શુ ? તળાવ કોને કહેવુ ? નદીને કેટલા કાંઠા હોય અને તે કયા કયા ? જમણો અને ડાબો કાંઠો શી રીતે જાણી શકાય ? નદી શા કામમા આવે ? ખુણા કેટલા છે અને તે કયા કયા ? કઇ કઇ દિશાઓની વચ્ચે ખુણા હોય નહિ ?

પાઠ ૪૦.

વાળુ=રાતનુ જમવાનુ
ગમ્યુ=ગોઠયુ
ચોરો=સરકારી ઉતારાનુ મકાન
મુખી=પટેલ, ગામનો

ઉપરી
ગંધ=ખરાબ વાસ
બંદોબસ્ત=ગોઠવણ
હવાલદાર=પટેલના તાબાનો સિપાઈ
આમલતદાર=તાલુકાનો ઉપરી અમલદાર, પટેલ તલાટીનો ઉપરી
ભરણુ=પટેલ તલાટીએ ખેડુત પાસેથી સરકારી માગતા રૂપીઆ લઈ એકઠા કર્યા હોય તે
તલાટી=ગામની વસુલાત ઉઘરાવનાર
રાવણીઓ=વ તણીઓ
તાલુકો=ઘણા ગામ મળીને થએલો તે
તાલુકે=મુખ્ય કચેરીએ
હુંડી=રૂપીઆ મળવાનો કાગળ, મનીઓર્ડર
માસ્તર સાહેબ=પોસ્ટ માસ્તર
ટપાલી=કાગળ વહેંચનાર
ગેરહાજર=હાજર નહિ તે
માંદો=બિમાર
દાક્તર=અંગ્રેજી દવા જાણનાર

સવાલ—ચોરો એટલે શુ? મુખી, તલાટી, પોસ્ટ માસ્તર, દાક્તર એ દરેકના કામ સમજાવો

પાઠ ૪૧.

સોનેરી=સોનાના રંગ જેવો, પીળો
અંગારા=સળગતા કોયલા
ચળકતો=ઝળકતો
દાતણપાણી=દાત સાફ કરવા તથા મોઢુ ધોવુ તે
ધંધો=રોજગાર, વેપાર
ખેડુત=ખેતીનુ કામ કરનાર
હળ=જમીન ખેડવાનુ ઓજાર
ઝાડીને=ઝપટીને
ખોરાક=ખાવાની ચીજો
તાજી=તરતની
લહેર=સપાટા
જન=માણસ
નમતો=આથમતો
ઘોઘાટ=અવાજ

સવાલ—સુરજ ઊગતા પહેલા પુર્વ દિશામા વાદળ અને વાદળાની કોરો કેવી જણાય છે? અજવાળુ શેમાથી આવે છે? સવાર થઈ શાથી જણાય છે? સવારમા માણસ, પશુ, પક્ષી શુ કરે છે? છોકરાઓએ પાઠ કયારે કરવો જોઈએ? સાંજ પડી કયારે કહેવાય? સુરજ ઊગતા પહેલા અને આથમ્યા પછી થોડુ અજવાળુ રહે છે તેને શુ કહે છે? (જ ઝળઝળીઉ) સાંજના દેખાવની વાત કહો

પાઠ ૪૨.

વાતો=ફુંકાતો
જોરથી=ઝડપથી
ઉડી જાય છે=ઉડી પડી જાય છે
ટિકિટ=દાખલ થવાની ચિઠ્ઠી
ગુંગળાઇ=મુંઝાઈ
ઝપાટો=સપાટો
તોફાન=પવનનું બહુ જોરથી વાવું તે
ઉથલી=ગબડી, ફેરવાઇ
મૂળમાંથી=જડમાંથી
ભરવાડ=ઘેટાં, બકરાં ચરાવનાર
ઘસડી=ખેંચી
ધાન્ય=અનાજ
વહાણો=મોટી હોડીઓ
અકળામણ=ગભરામણ
વાદળાં=વરાળનો જથો

સવાલ—હવા ક્યાં ક્યાં હોય છે? બધેજ હવા છે એ સાબીત કરી બતાવો હવાની જરૂર કોને કોને છે? હવા ન હોય તો શું થાય? પવન એટલે શું? હવા ને પવનમાં શો ફેર છે? પવનનું તોફાન ક્યારે થાય? પવનથી થતા ફાયદા ગેરફાયદા ગણાવો

સાર—આપણે હવા વગર જીવી શકીએ નહિ, માટે દયાળુ પરમેશ્વરે તે બધે ઠેકાણે ભરી રાખી છે

પાઠ ૪૩.

કકડા=ટુકડા
દુઃખ=વીટંબણા
ચુરો=ભુકો
કણ=રજકણ
છુટા=જુદા
અક્ષરો=હરફો, દસ્કતો
પીગળતો=રસ થતો
નિર્દય=દયા વગરનો
કઠણ=સખત
ગાગડો=ગઠ્ઠો
ઝાંખો=ચળકાટ વગરનો
કોલ=કેલ
કહેણી=કહેતી, કહેવત
જન્મ=પેદાસ
દરીઓ=સાગર, સમુદ્ર
તળીઉં=નીચેનો ભાગ
જંતુ=ઝીણા જીવડા
વેહ=છિદ્ર, કાણાં
થર=પડ
ચાંચવો=જમીન ખોદવાનું ઓજાર, તીકમ
હકીકત=વાત

સવાલ—ચાકનો કેમ સહેલાઇથી ભુકો થઇ શકે છે? ચાક પોચો છે તેથી શા ઉપયોગમાં આવે છે? ચાકને ભઠ્ઠીમાં નાખે તો શું બને છે? ચુનો શું કામમાં આવે? ચાક પાણીમાં ઓગળે કે નહિ?

પાણીમા ઓગળે એવા પદાર્થના નામ દો જે પદાર્થ પાણીમા ઓગળી જાય તે કેવા પદાર્થ કહેવાય? જ દ્રાવ્ય ન ઓગળે તે કેવા કહેવાય? જ અદ્રાવ્ય ચાકમા કેવો ગુણ છે કે જેથી તે પાણી ચૂસે છે? જ છિદ્રાળુ બીજા કયા કયા પદાર્થો પાણી ચૂસે છે? છિદ્રાળુ પ ાર્થના નામ દો ચાક દેવતામા પીગળી જાય છે કે નહિ? દેવતામા ન પીગળે એવા પદાર્થના નામ દો ઓગળવુ અને પીગળવુ એમા ફેર શુ? ચાકને ભોયપર પછાડીએ તો શુ થાય? ચાકમા કયો ગુણ છે કે જેથી તેને પછાડવાથી ભાગી જાય છે? જ બરડ બરડ ગુણવાળી ચીજોના નામ દો ચાક શી રીતે બને છે? જે પદાર્થો જમીનમાથી નીકળે તે કેવા પદાર્થ કહેવાય? જ ખનીજ ખનીજ પદાર્થના નામ દો ચાકનો ઉપયોગ કહો

પાઠ ૪૪.	ગાળીને=રસ કરીને	બાઝેલા=વળગેલા
ટીપે છે=ઘડે છે	કાતર=કાપવાનુ ઓજાર	ખાટી=ખટાશવાળી
પતરા=ધાતુને ટીપીને	ચ ણુ=શિરોઇ	ઝેરી=ઝેરવાળો
અથવા રસ કરીને લાબા	નાળચા=નળી	સિકકા=ચલણી નાણુ
ચોડા બનાવે છે તે	કથરોટ=મોટી થા ળી	ટ કશાળ=સિકકા પાડ વાની જગા

સવાલ—તાબા પિત્તળના વાસણ બનાવનાર તથા વેચનારને શુ કહે છે? સુથાર, લુહાર, કુભાર, શેના ઘાટ બનાવે છે? તાબુ કયાથી નીકળે? એ કેવો પદાર્થ કહેવાય? તાબાના ગુણ કહો તાબાના કયા કયા વાસણો બને છે? તમારા ઘરમા તાબાના જે જે વાસણ હોય તે ગણાવો તાબાના કાટને શુ કહે છે? તેનો રગ કેવો હોય છે? તે ખાધામા આવે તો શુ થાય? તાબા પર કાટ શી શી રીતે ચડે છે? તાબાના વાસણ પર કાટ ન ચડે માટે શુ કરે છે? કલાઇનો રગ કેવો હોય છે? તાબાના કયા સિકકા બને છે?

ટંકશાળ એટલે શું ? તાંબાનો ઉપયોગ કઇ કઇ ધાતુ બનાવવામાં થાય છે ?

પાઠ ૪૫.

ખાણ=જમીનમાંથી ધાતુ વગેરે કાઢવા માટે ખોદેલો ખાડો
ઇનામ=ખુશ થઈ આ આપવું તે, ભેટ
મેળવણી=ભેગ
ઓગળીને=રસ થઇને
મજાગરા=અડવા, જેના વડે બારણું ઉઘડે દેવાય તે
તાસકો=ગંકણા
પવાલી=લાબું પીપ
શિરોઈ=સાંકડા મોઢાનું
વાસણ, ચંબુ
કાટ=કીટ
કલાઈ=ઝાંખા સફેદ રંગની ધાતુ
માંજેલા=ઘમીને સાફ કરેલા
સસ્તુ=સોંઘુ

સવાલ—ધાતુમાં કયા કયા ગુણ હોય છે ? ધાતુઓ કયાથી નીકળે છે ? ધાતુ એ કેવો પદાર્થ કહેવાય ? પિત્તળ શી રીતે બનાવે ? પિત્તળનો રંગ કેવો હોય છે ? જસતનો રંગ કેવો હોય છે ? તાંબુ ને પિત્તળ એમાં કઠણ કોણ ? શા માટે પિત્તળ વધારે કઠણ ? પિત્તળનું શું શું બને છે ? તમારા ઘરમાં પિત્તળનાં વાસણ હોય તેનાં નામ દો. પિત્તળ ઉપર કાટ ચઢે છે કે નહિ ? પિત્તળના વાસણને કલાઈ કરાવવાનું કારણ શું ? તાંબુ અને પિત્તળ એમાં જલદી કોણ કટાય ? ઝાંખું કયું વહેલું પડે ? તાંબા અને પિત્તળનો શેરનો ભાવ શું હશે ?

પાઠ ૪૬.

ઘાસનું બજાર=વાંસની પીઠ
ચરો=પોપડા, ઘાસ ઊગવાની જગા, બીડ
કુમળું=નરમ
છાવામાં=ઢાંકવામાં
વણીને=વળ દઇને
મુળીઆ=મૂળ
ધાર=અણી
દાભ=દરભ
ઝીંઝવે=એક જાતનું ઘાસ
ચરાઉ=ચરવાનું
ગંજી=ઘાસના ઢગલા
ગડી=ગાંઠ
સુગંધ=સારી વાસ
મોથ=સુગંધીદાર ઘાસ
ખુજલી=ખજવાળ નાથી ફેલી થાય તે
ચુપેલ=માથામાં ઘાલવાનું તેલ
અત્તર=સુગંધીદાર વસ્તુનો કસ
દરો=એક જાતનું ઘાસ, ધરો

જડ=મૂળ	પાખડી	સાદડી=ચટાઇ
ફરી ફરીને=વારે વારે	સુવાળી=લીસી	પડા=ઝુડી
ઉપલાણે=ઉપરના ભાગમા	વાસ=સોડમ	કુટીને=ધુબીને
વાટ=રસ્તો	સુપડા=ઝાડકવાને વાસની ચીપ કે ઘાસનુ બનાવેલુ ઓજાર	મૂજ=સરકટની પાદડીને પલાળી કુટેલી તે
ચમરી=છોડ ઉપરની		ખાટલા=ઢોળીઆ

સવાલ—જે ખેતરમા દાભ ઊગે તે ખેતર શા કારણથી નકામુ થઈ જાય છે ? દાભના મુળીઆ કેવા હોય ? પાદડીની કોર કેવી હોય છે ? કુમળુ દાભ શુ કામમા આવે છે ? પાકટ થયા પછી શુ કામમા આવે છે ? દાભ શુ કામમા આવે છે ? ઝીઝવો શુ કામમા આવે છે ને ક્યા ઊગે છે ? એના મુળીઆપર શુ થાય છે ? એ ગઠીને શુ કહે છે ? મોથ શા શા કામમા આવે છે ? ઝીણી ઝીણી સોય જેવી પાદડીવાળુ જાળ જેવુ કયુ વાસ થાય છે ? દર્ગો કાઢી નાખવા છતા ફરીથી કેમ ઊગી નીકળે છે ? સરકટ ક્યા થાય ? સરકટ જનાવરના ખાધામા આવે છે કે નહિ ? નહિ આવવાનુ કારણ શુ ? સરકટની સળીઓ સુકાયા પછી શા શા કામમા આવે છે ? એની પાદડીને કુટીને પલાળે છે તેને શુ કહે છે ? મૂજ શા કામમાં આવે છે ? કયા કયા વાસ ખાટલા ભરવાના કામમા આવે છે ?

પાઠ ૪૭.	પેર=પેરીઉ	કચરો
વાવવા=રોપવા	ગુચ્છો=ગુચળુ, જથો	પૂરીને=નાખીને
સાઠા=જુવાર વગેરેનો લાબો દાંડો	નજર કરો=ધ્યાન આપો	ભીલ=વગડામા રહેનાર જાત
પરાળ=ભાતનુ ઘાસ	બી=બીઆ	નાગલી=બાવટો
ગાડ=ગડી	ખાતર=ઘાસ, છાણ વગેરે કોહી ગએલો	સામો=એક જાતના ઘાસનુ બી
સળગ=આખી		

થેક=ચીઢા કે ડુંગળાના મૂળની ગાંઠો
ઢેબરા=મીઠુ મરચુ નાખીજુવારબાજરીના કરેલા રોટલા
ખસલી=એક જાતનુ ઘાસ
કડબ=જુવારનો સુકો સાંઠો
રાતડીઓ=રાતી જુવાર
બીડ=ઘાસ ઊગવાની જમીન, ચરો

સવાલ—બાજરી, જુવાર અને ડાંગરના છોડનો ઘાસની સાથે મુકાબલો કરો આપણે અનાજ ખાઈએ છીએ તે શુ છે ? ઘાસનુ બી નાનુ અને અનાજનુ મોટુ હોવાનુ કારણ શુ ? મહીકાંઠો ક્યાં આવ્યો ? મહીકાંઠાના બીજા લોક કયુ કયુ અનાજ ખાય છે ?

પાઠ ૪૮.

સખત=બહુ
એક સામટુ=સાથે લાગુ
ભાણુ=સુરજ
દાણો=ગુવાર,અડદ વગેરે
કોઠ=ઢોર બાંધવાની જગા
નીરૂ છુ=નાખુ છુ
છાશ=દહીમાપાણીનાખી વલોવી બનાવે છે તે
કૌવત=જોર
ચવડુ=હળના નીચેના ભાગમાનુ કોશનીસાથેનુ અણીવાળુ લાકડુ
આળસુ=સુસ્ત
સડ=હળમાની વચમાનો લાંબો સોટો, અહાલ
ચાસ=ખેતરમા હળે કરી પાડેલા આડા ઉભા લિસોટા
હળપુણી=હળમા લોઢાની કોશ હોય તે
ધુસરી=બળદની ખાંધે રહે છે તે લાકડુ
છડો=હળને છેડે પકડવાને ખીલી જેવુ હોય છે તે, હલેડી
તાત=બાપ
નીપજાવે=પકવે
અન્ન=અનાજ
ધરે=પહેરે
સહે=ખમે, વેઠે
લઠ્ઠ=જબરો
ઉત્તમ=સોથી સારી
પર=પારકા
ઉપકારી=આભારી
દીએ=આપે
શીખ=શીખામણ
ખંત=કાળજી

જગતનો તાત ગણાય એટલે જેવી રીતે બાપ છોકરાનુ પોષણ કરે છે તેવીજ રીતે ખેડુત ધાન્ય ઉપજાવી આખા જગતનુ પોષણ કરે છે ખેતીને ઉત્તમ કહેવાનુ કારણ એ કે એ ધધો સ્વતત્ર

છે, તે અનાજ જેવી જીવવાને ઘણી કામની વસ્તુને નીપજે છે

હળની હકીકત—હળના મુખ્ય બે ભાગ છે હળના પાછલા ભાગને તુગુ અને આગલા ભાગને સેડ કહે છે સેડની લંબાઇ ૧૦ ફુટ અને તુગાની લંબાઇ ૪ ફુટ હોય છે તુગુ વચમાંથી જાડુ, નીચેથી અણીદાર, અને ઉપરથી પાતળુ હોય છે જાડા ભાગમા સેડનો છેડો ઘાલે છે તુગામા હળપુણી, ચવડુ અને કસવાળો હોય છે, હળપુણી લોઢાની હોય છે, ને તે નીચેને છેડે ચવડાની ઉપર રહે છે ચવડુ પણ અણીદાર ને ત્રણ પાસાવાળુ હોય છે સેડને બીજે છેડે ખીલો હોય છે, તેને સગન (સમધીઓ) કહે છે, તેને ધુસરૂ બાંધે છે ધુસરૂ બળદની ખાંધ પર મૂકે છે, ધુસરૂ બળદની ખાંધથી ખસી ન જાય માટે ધુસરાને બંને છેડે લાકડાની સમોલ હોય છે તે બળદની ડોકે જોતરથી બાંધે છે હળપુણી જલદી ઘસાઇ કે ભાગી ન જાય માટે લોઢાની કરે છે તુગાના ઉપરના ભાગમા મૂઠીમા આવે એવો લાકડાનો ગોળ કકડો બેસાડેલો હોય તેને હાથો કહે છે હળ હાંકતી વખત ખેડુત હાથા પર ભાર દે છે તેથી હળપુણી ભોંયમા ઉતરે છે, એથી જમીન ખોદાઇને પોચી થાય છે ને ચાસ પડે છે

સવાલ—હળનુ ડ્રોઇંગ પાડી તેના દરેક ભાગપર નામ લખો હળના દરેક ભાગોનો ઉપયોગ સમજાવો

ખેડુત વિષે.

સમજુતી—અરે! ખેતી કરનાર તુ ખરેખર જગતનો બાપ ગણાય છે કારણ કે તુ ખેતી કરે છે, તેથી બધા માણસોને ખોરાક મળે છે આ આખી દુનિયાનુ પોષણ કરનાર પણ તુજ ગણાય છે (૧) તુ કપાસ, ગળી, શણ, ઘાસ અને અનાજ પકવે છે, તાજાં બનાવી પ્રાણીઓ અનાજ ખાય છે અને માણસો ખેતીથી કપડાં પહેરે છે (૨)

તુ વરસાદ ને તડકા વેઠે છે અને વળી ઘણી મહેનત કરે છે તેથી તુ શરીરે જબરો બને છે, અને હમેશા સતોષથી ફરે છે એટલે સતોષી રહે છે (૩) ખેતી નકકી સૌથી સારી છે, વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે, તુ કાળજીથી ખેતી કરે છે અને જગતને સારી શિખામણ આપે છે, કે તમે સારી પેઠે મહેનત કરશો તો જબરા, સતોષી અને પારકાનુ ભલુ કરનારા થશો (૪)

સાર—કહેવત છે કે " ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર, નફ્ફટ નોકરી નિદાન ભીખ એટલુ ન આવડે તો દલાલી શીખ "

પાઠ ૪૯.

પાળ=કોરણ
લીનાછમ=ઘણાજ લીલા
ધરૂ=કુમળા છોડ
ઝીનવો=ખમવો
ભરડીને=ભચડીને
છોડા=ફોતરા

સવાલ—ડાગર કેવી રીતે વાવે છે ? ધરૂ એટલે શુ ? ડાગર ક્યારામા શા માટે રોપે ? ડાગરના છોડ પાકે ત્યારે કેવા રગના થાય છે ? ડાગર પાકયા પછી શુ શુ કરે ત્યારે ચોખા થાય ?

પાઠ ૫૦.

કાનુ=શેરડીનો રસ કાઢવાનો સચો
પડછા=પાતરા
રસ=કસ
સબધ=વિષે, બાબત
પેર=ગડેરી
વેત=સિલક
આખ=ગાઠ
પીન=પાણીથી થતુ કરમાણુ શાક વગેરે
તરકારી=શાક
માસ=મહીના
કુકડ=મુડ
શિઆળના=શિયાળ
સભાળ=તપાસ
પાકટ=પાકી
તાવડો=મેટો પેણો
ડારી=પડ

સવાલ—શેરડી કેવી રીતે રોપે છે ? શેરડીની આખ બતાવો કાનુ એટલે શુ ? કાનુ શેનુ બનાવે છે ? શેરડીમાથી રસ કેવી રીતે કાઢે છે ? રસનો ગોળ કેવી રીતે બનાવે છે

મધમાખી.

સમજુતી—હે ! મધમાખી તુ મહેનતુ છે, અને વળી કારીગરીની નિશાળ છે, (કારીગરીની નિશાળ કહેવાનુ કારણ એ કે મધપુડાના ખાનાં જેવી કારીગરી માણસથી પણ બરાબર થઈ શકે નહિ) મનને મોહ પમાડે એવો મધપુડો બનાવે છે, અને તરતજ તેમા રસ મૂકે છે (૧) મીઠુ મધ ચૂસી લઇને તુ મીણ બનાવે છે, તેથી મધ અને મીણથી ઘણા કામ થાય છે અને તે ઘણોજ ફાયદો કરે છે (૨) તુ નાનુ સરખુ જીવડુ છે, પણ મોટુ ઉપયોગી કામ કરતુ જણાય છે વળી તુ ડાહી ને ચોકખી દેખાય છે, તેથી તારૂ જોઇને બધા ડાહ્યા માણસો આળસ છોડી દે છે (૩) કીડી, કરોળીઆ, અને મકોડા વગેરે જે મહેનતુ જીવડા કહેવાય છે, તેમા પણ તુજ વખણાય છે મતલબ કે એ બધા જીવડા કરતાં તુ વધારે મહેનત કરે છે (૪)

સાર—માણસે ઉદ્યોગી અને હુન્નરી થવુ

પાઠ ૫૧.	ભાવ=હોસ	જોર=શક્તિ
તકરાર=વઢવાડ, રકઝક	સારા=સાજા	નકામો=ફોકટ
વઢવા=લઢવા	લોટ=આટો	હિસાબ=ગણતરી
ધીમા=શાન્ત	કણક=રોટલી કરવા માટે બાંધેલો લોટ	ઉપયોગના=જરૂરના
ઉજળો=સફેદ		પૈસાદાર=પૈસાવાળા

સવાલ—માદા અને દાત વગરના માણસને કયો ખોરાક વધારે ઉપયોગી ? તેનુ કારણ શુ ? ભાત શી રીતે બનાવે છે ? રોટલી શેની બનાવે છે ? ઘઉની રોટલી શી રીતે બનાવે છે ? ગરીબ માણસો ઘઉં કેમ ખાતા નથી ?

પાઠ ૫૨.

મધપુડો=મધમાખીએ બનાવેલો પુડો
લટકતો=ટિંગાતો
વાઘરી=શિકારી
કામળો=ઊનનું લુગડું
ધુણી=ધુમાતો દેવતા, સળગતા છાણા વગેરે
ઘરબાર વગરના=રખડતા
પારકા=પરાયા, બીજાનો
ચીજ=વસ્તુ
ઇચ્છા=મરજી
નર=પુરુષ
છખુણાવાળા=છખુણાના આકારના
જન્મ=જિંદગાની
રક્ષણ=બચાવ
ડંખ=ચટકો
પેસવા=દાખલ થવા
દયા=રહેમ

કવિતાના અર્થ.

હુનર=કસબ, કારીગરી
નિશાળ=ઠેકાણું
મનોહર=મોહ પમાડનાર
રચે=બનાવે
તત્કાળ=તરત
ચૂસી=શોષી
સરે=થાય
ગુણ=ફાયદો, લાભ
તમામ=બધું
તજે=છોડી દે
ઉદ્યોગી=મહેનતુ
પંકાય=વખણાય

સવાલ—મધપુડો કોણ બાંધે છે અને તે કયાં કયાં બાંધે છે? મધ ક્યાંથી લાવે છે? મીણ શેમાંથી બનાવે છે? મધપુડામાં કેટલી જાતની માખીઓ હોય છે અને તે કઇ કઈ? રાણીનું કામ શું છે? મધપુડાના ખાના કેટલા ખુણાવાળા હોય છે? ખાના કેટલી જાતના હોય છે? ઈંડાં કયા ખાનામાં મૂકે છે અને તે કોણ મૂકે છે? મોટા ખાનામાં કયાં ઇંડાં મૂકવામાં આવે છે? રાણી અને કામ કરનારી માખીમાં શો ફેર હોય છે? કામ કરનારી માખીઓ શું શું કામ કરે છે? નર અને માખીમાં શો ફેર હોય છે? નરને મારી નાખવાનું કારણ શું? મધ અને મીણનો ઉપયોગ કહો. મધમાખી પરથી આપણે શું શિખામણ લેવી?

પાઠ ૫૩.

શેખ=મુસલમાની એક જાત
બતક=પાણીવાળી જગામાં રહેનારૂં પક્ષી
પીછ=પીછાં
ચીકટ=ચિકાશ
ભિંજાતું=પલળતું
નમળું=કમજોર

જોડાએલા=બંધાએલા	જાળવે=સાચવે, સભાળે	માજર=ફલગી
દાઢ=બેવડા દાત	ઢાકી=છુપાવી	દીપે છે=શોભે છે
અણીદાર=તીણા	બીકણુ=બીએ એવો	ખોતરવાની=ખોદવાની
ગળી જાય છે=આખુ ઉતારી દે છે	ધમીને દોડે છે=હુમનો કરે છે	વહાણ વાય=સવાર થાય

સવાલ—બતક કેવી જગામા રહે છે? બતકનુ શરીર કેમ ભિજાતુ નથી? બતક શુ ખાય છે? બતકની ચાચ કેવી હોય છે? બતકને પાખ છે ત્યારે કેમ ઊડી શકતી નથી? બતકને કેટલા પગ હોય છે? દરેક પગે કેટલા આગળા હોય અને કયા હોય છે? આપણે પાણીપર ચાલી શકતા નથી અને બતક શા માટે ચાલી શકે છે? બતક ખોરાકના કડકા કેમ કરી શકતી નથી? મરઘા અને બતકની ચાચમા ફેર શો? મરઘા પાણીપર કેમ ચાલી શકતા નથી? મરઘી છે કે મરઘા તે શી રીતે ઓળખી શકાય? મરઘા શા માટે પાળતા હશે? મરઘા કોણ પાળે છે? મરઘો ક્યારે ક્યારે બોલે છે ને શુ બતાવે છે?

શાળા—જે ગોખ છે તે પથી સવાર ને બપોર સમજાય છે

પાઠ ૫.	મ ળો=પક્ષાનુ ઘર	રજ્જીને=ગમડીને
કાબરી=કાબરચીતરી	ખુણે ખાચરે=ખુણામા	ફાયદો=ગુણ
રૂ=કપાસનાં ક્પાનીયા	દરેક વ=દરેક વખતે	વીણીવીણીને=શોધી
કાઢી લીધ પછી જે રહે છે તે	સુગ=આર માની	શોધીને
તણખલા=ત	ટપકા=છાટ	બેઃ=બીક, ડર
	લગી=સુધી	

સવાલ—ચકલીના શરીરના ભાગ ગણાવો ચકલીની ચાચ કેવી હોય છે? ચકલી કેવા રગની હોય છે? ચકલીને એક એક પગે કેટલા આગળા હોય છે અને તે કેવી રીતે હોય છે? ચકલી કયા

રહે છે ? માળા શેના બનાવે છે ? ચકલી વરસમા કેટલીવાર ઇડા મૂકે છે ? બચ્ચાને કયા સુધી ખવડાવે છે ? ચકલી શુ શુ ખાય છે ? ચકલી દરેક ફેરે કેટકેટલા ઇડા મૂકે છે ? ઇડાનો રગ કેવો હોય છે ? ચકલી ખેડુતને શો ફાયદો કરે છે અને તે કેવી રીતે ? ચકલીને કોની કોની બીક હોય છે ? ચકલી ને ચકલો ઓળખવાની નિશાની શુ ?

પાઠ ૫૫.

દેખાવ=શોભા
ગરદન=ડોચી
કેશવાળી=ઘોડાની ગરદન પરના વાળ
નકકર=સગીન
સપાટ=સરખી
લગામ=[illegible]
તીણા=ધારવાળા
ચપટા=બેઠેલા
ભસુ=પુસુ
દાણા=અનાજ
મજલ=મુસાફરી અતર
પાણીદાર=જોરવાળી, ઝડપથી દોડનાર
અનભી=અગમ[illegible]
નીમકહલાલ=ખાય તે [illegible] ભલુ કરનાર ધણીનુ [illegible]
ભલુ ચાહનાર
[illegible]=બારીક
પ્રીતિ=હેત, પ્યાર
[illegible]=[illegible] હારજીત
[illegible]=કામઠની વાડ
[illegible]=[illegible] મરાવે
[illegible]=[illegible] પલાણ
[illegible]=મુસાફરી કરે છે

પ્રશ્ન—ઘોડાની ગરદન પરના વાળને [illegible] કેશવાળી કોને કોને હોય છે ? [illegible] સપાટ જમીનપર [illegible] [illegible] લડવાનુ કારણ શુ ? એના કાન [illegible] હોય છે ? [illegible] છે ? કયા દાત વડે ખોરાક કાપે અને કયા વડે [illegible] છે ? [illegible] શુ ખાય છે ? નાળ શા માટે જડાવે છે ? [illegible] છે ? ઘોડાની કઇ કઇ જાતો છે ? ઘોડામા [illegible] શા શા ઉપયોગમા આવે છે ? ઘોડો કેટલા વરસ [illegible] છે ?

પાઠ ૫૬.

શેઠ=સાહુકાર
નાળબધ=નાળ જડનાર
ખરી=જનાવરના પગના તળીઆનુ હાડકુ
ફેર=તફાવત
[illegible]=[illegible]
[illegible]
[illegible]=[illegible] બોલવુ

અડીઅલ=અડી જાય એવુ, જીદ્દી, હઠીલુ
ડોઠ=અક્કલ વગરનો
નવાઇ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવુ
ધીરજવાળુ=દુ ખ ખમનાર
કહ્યાગરૂ=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટ્ટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડીને ઘોડાના સગમથી પેદા થયેલો તે
વાળ=નિમાળા, બાલ

સાર—ઘોડા, ખચ્ચર, અને ગધેડાનો મુકાબલો—ત્રણને બે આખ, બે કાન, ડોકુ, મો, માથુ, પીઠ, પુછડુ, અને ચાર પગ હોય છે, ત્રણનુ મો લાબુ હોય છે ત્રણેના શરીર પર ટુ કા વાળ છે પગને તળીએ ગોળ દાબડા છે ઘોડા અને ખચ્ચરના ડોકપર કેશવાળી હોય છે ઘોડા અને ખચ્ચરના પુછડાપર મોટા લાબા વાળ આખે પુછડે હોય છે ઘોડા કરતા ખચ્ચર અને ગધેડાના કાન મોટા હોય છે ગધેડા કરતા ખચ્ચર મોટુ, ને ખચ્ચર કરતા ઘોડો મોટો હોય છે

પાઠ ૫૭.

ગોકળગાય=પરમેશ્વરની ગાય
વાના=વસ્તુ
ધડ=બોચીથી પગસુધીનો બધો ભાગ
ડોકુ=ધડની ઉપરનો ભાગ
તાળવુ=મોઢાની અદરનો ઉપલો ભાગ
ભવા=ભમર, આખ ઉપરના કમાનદાર વાળ
પોપચુ=આખનુ ઢાકણુ
ખાળે છે=અટકાવે છે
છેડો=નાકુ
મૂળ=શરૂઆત
ગળુ=બોચીની પછવાડેનો ભાગ
વચલે ગાલે=વચ્ચોવચ્ચ
કેડ=કમર
ઢીચણુ=ઘુ ટણ

સાર શરીરના મુખ્ય બે ભાગ ડોકુ ને ધડ છે ડોકામા માથુ, (માથા ઉપરનો ભાગ ખોપરી કહેવાય છે ને પર વાળ ઉગે છે) કપાળ, લમણા, કાન, આખ, નાક, મોઢુ, મોઢાની અદર જીભ, દાત અને તાળવુ છે ગાલ, ગળુ, બોચી, દાઢી, અને હડપચી છે ધડમા બે હાથ, ખભા, બગલ છાતી, પેટ, ડુટી, પેઢુ, કેડ, વાસો, બે પગ

જાબ, ઢીંચણ, નળો, પાટલી, તળીઉ, એડી અને ચુટી છે

પાઠ ૫૮.	ફીકર=ચિંતા	જ્ઞાન=સમજ
આકાર=ઘાટ	ધબકો=અચાજો	

સવાલ—ઇંદ્રિયો કોને કહેવી ? ઇંદ્રિયો કેટલી છે ને તે કઈ કઇ ? આખ, કાન, નાક, જીભ અને ચામડીનો ઉપયોગ કહો આખવડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય ? જ રગ, આકાર અને ચળકાટ હાથ વડે પદાર્થના કયા કયા ગુણ જાણી શકાય ? જ ભારે કે હલકુ પોચુ કે કઠણ, લીસુ કે ખરબચડુ, ટાઢુ કે ઉનુ, અને આકાર, કાન, નાક, અને જીભ વડે પદાર્થ કયા ગુણ જણાય ? જ નાક વડે વાસ, કાન વડે અવાજ અથવા રણકો, જીભ વડે સ્વાદ

પાઠ ૫૯.	અને વાદળી રગ	વાન સુતરાઉ લુગડુ
રગરેજ=રગારો	ઝાખા=તેજ વગરના	ગળીનો રગ=કાળો રગ
છુટી=રજા	સેલા=દુપટા	વત્તા=વધારે
મૂળ રગ=લાલ, પીળો	સાલ્લો=બાયડીને પહેર	ખુલતા=બહાર પડતા


સવાલ—રગરેજ શુ કામ કરે છે ? મૂળ રગ ગણાવો કીરમજી રગ બનાવવાની રીત કહો કીરમજી રગથી કયા કયા લુગડા રગાય છે ? કેસરીઓ રગ શી રીતે બનાવવો ? કેસરીઓ રગ કહેવાનુ કારણ શુ ? લીલો, નારગી, તપખીરી અને કત્થઈ રગ શી રીતે બનાવવો ? ધોળા રગમા થોડો કાળો રગ મેળવીએ તો કયો રગ બને ? ઝાખો ભુરો રગ શી રીતે બને ? ખુલતો વાદળી રગ બનાવો ગુલાબી શુ શુ મેળવીને બનાવે છે ? મૂળ રગ પરથી બીજા રગો શી રીતે બનાવે છે ?

પાઠ ૬૦.	કાતીને=તાર કાઢીને	જગલી=સમજણ
ઉઘાડો=નાગો, લુગડા	દોશીવાણીઓ=કાપડીઓ	વગરના
પહેર્યા વગરનો	છીંટ=ભરેલવાળુ કપડુ	છાલ=છોડુ

રંગદાર=રંગવાળા	ગરજ સારે છે=કામ કરે છે	જામદાની=ઝીણું બહાદાર લુગડું
ઢાંકણુ=કવર		બાસ્તો=સુતરાઉ કપડું
રૂંવાટી=ઝીણા વાળ	ભીંગડાં=જાડાં પડ	ખાદી=દોટી

સવાલ—લુગડાં પહેરવાથી શો ફાયદો? ઊન એટલે શું? ઊનનું કયું કાપડ બને? ઘેટને ટાઢ કેમ વાતી નથી? ઊન સિવાય બીજા શેનાં લુગડાં બને છે? રૂ ક્યાં થાય છે? જંગલી લોકો ઊન અને રૂનાં લુગડાં પહેરતા નથી ત્યારે કેવાં કેવાં લુગડાં પહેરે છે? પશુ, પક્ષીને લુગડાં પહેરવાની જરૂર શા માટે પડતી નથી?

ભૂગોળની શરૂઆત.



દિશા—(સ ૧)દિશા કેટલી છે ? જ ચાર (સ ૨)દિશાના નામ દો જ ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ (સ ૩) દિશા શા ઉપરથી જાણી શકશો ? જ સુરજ ઉપરથી (સ ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત બોલો જ જે દિશામા સુરજ ઉગે તે પૂર્વ, આથમે તે પશ્ચિમ, સુરજ સામુ મો કરી ઉભા રહેવાથી ડાબા હાથ તરફની ઉત્તર અને જમણા હાથ તરફની દક્ષિણ (સ ૫)સુરજ બીલકુલ ન દેખાય તો શા વડે દિશા પારખશો ? જ ધ્રુવના તારા ઉપરથી (સ ૬) ધ્રુવના તારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો જ ધ્રુવનો તારો હમેશા ઉત્તર દિશામા ઉગે છે માટે એ તારા તરફની ઉત્તર, તેની સામેની દક્ષિણ, જમણા હાથપર પૂર્વ ને ડાબા હાથપર પશ્ચિમ (સ ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજુ સાધન છે ? જ હોકાયત્ર (સ ૮) હોકાયત્રપરથી કઇ દિશા જાણી શકાય ? જ ઉત્તર દિશા (એની સાય હમેશા ઉત્તર દિશાપર રહે છે) (સ ૯) દિશા જાણવાથી શુ ફાયદો ? જ ફલાણી જગાથી ફલાણી જગો કઇ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઇ દિશામાં આવે તે માલમ પડે છે (સ ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી ? જ નકશા સામુ મો કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર, પગ તરફની દક્ષિણ, જમણા હાથ તરફની પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ સૂચના-ચિત્રમા નકશાની દિશા બનાવી છે

ખુણા—(સ ૧) ખુણા કેટલા છે ? જ ચાર (સ ૨) ખુણાના નામ બોલો જ અગ્નિ, નૈઋર્ત્ય, વાયવ્ય, ઇશાન (સ ૩) ખુણા પારખવાની રીત બોલો જ પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈઋર્ત્ય, પશ્ચિમ ને ઉત્તર વચ્ચે વાયવ્ય, અને ઉત્તર ને પૂર્વ વચ્ચે ઇશાન

રાજકીય ભૂગોળ.

મહેસુલ ખાતુ—(સ ૧) મહેસુલીખાતુ શુ કામ કરે છે? જ જમીનની મહેસુલ ઉઘરાવી તેનો હિસાબ રાખે છે (સ ૨) ગામની મહેસુલ ઉઘરાવનારને શુ કહે છે? જ તલાટી (સ ૩) તલાટીને મદદ કરનાર કોણ છે? જ મુખી (સ ૪) તલાટીને મુખીના ઉપરીને શુ કહે છે? મામલતદાર (સ ૫) મામલતદાર માજીસ્ટ્રેટ કયારે કહેવાય? જ, ઇન્સાફનુ કામ કરે ત્યારે (સ ૬) મામલતદારપર કોણ દેખરેખ રાખે છે? જ આસિસ્ટટ કલેકટર કે ડેપ્યુટી કલેકટર (સ ૭) આસિસ્ટટ કલેકટર અને ડેપ્યુટી કલેકટરના ઉપરીને શુ કહે છે? જ કલેકટર (સ ૮) કલેકટર શુ કામ કરે છે? જ મહેસુલી, પોલીસ, મ્યુનિસિપાલ, ઇસ્પિતાલ, બાંધકામ વગેરે ખાતાપર દેખરેખ રાખે છે (સ ૯) કલેકટર ઇન્સાફનુ કામ કરે છે ત્યારે એ કયા અધિકારી કહેવાય? જ ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ (સ ૧૦) કલેકટરને પોલિટિકલ એજટ કયારે કહે છે? જ જયારે દેશી રાજ્યો સબધી કામકાજપર દેખરેખ રાખવાનુ કામ કરે છે ત્યારે

પોલીસ ખાતુ—(સ ૧) પોલીસખાતુ શુ કામ કરે છે? જ લોકોના જાનમાલનુ રક્ષણ કરે છે (સ ૨) ગામડામાં પોલીસ અધિકારી કોણ છે? જ પોલીસ પટેલ અથવા મુખી (સ ૩) તાલુકાના પોલીસના ઉપરીને શુ કહે છે? જ ફોજદાર (સ ૪) ફોજદારપર કોણ દેખરેખ રાખે છે? જ પોલીસ ઇન્સ્પેકટર (સ ૫) ફોજદાર અને પોલીસ ઇન્સ્પેકટરના ઉપરીને શુ કહે છે? જ પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ

દિવાની ખાતુ—(સ ૧) દિવાની ખાતુ શુ કામ કરે છે?

જ લેણુદેણુનો ઇન્સાફ કરે છે (સ ૨) તાલુકમા લેણુદેણુનો ઇન્સાફ કરવાને કઈ કોર્ટ છે? અને તેના ઉપરીને શુ કહે છે? જ સેકન્ડ કલાસ સબજજ કોર્ટ અને તેના ઉપરીને સબજજ (મુનસફ) સાહેબ કહે છે (સ ૩) શહેરમા સબજજ કોર્ટો કઈ છે? ઉ ફર્સ્ટ કલાસ અને સેકન્ડ કલાસ (સ ૪) જિલ્લામા ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શુ કામ કરે છે? જ ડિસ્ટ્રિકટ જજ તેઓ લેણદેણ સબધી ભારે દાવા અને ખૂન, ચોરી વગેરેનો ઇન્સાફ કરે છે (સ ૫) ડિસ્ટ્રિકટ જજના હાથ નીચે એ ખાતાના કયા કયા અધિકારી છે? જ સબજજ અને માજીસ્ટ્રેટ

વૈદીક ખાતુ—(સ ૧) વૈદિકખાતુ શુ કામ કરે છે? જ માદા માણસની માવજત કરે છે તથા તેમને દવા આપે છે (સ ૨) તાલુકામા વૈદક અધિકારી કોણ હોય છે? જ હોસ્પિતાલ આસિસ્ટ ટો (સ ૩) હોસ્પિતાલ આસિસ્ટટના હાથ નીચે કોણ હોય છે? જ કપાન્ડર (દવા આપનાર) (સ ૪) હોસ્પિતાલ આસિસ્ટટના ઉપરી કોણ અને તેઓ કયા રહે છે? જ સીવીલ સર્જન, તે જિલ્લાના મુખ્ય શહેરમા રહે છે

જાહેર બાંધ કામખાતુ—(સ ૧) જાહેર બાંધકામ ખાતુ શુ શુ કામ કરે છે? જ સરકારી મકાનો, રસ્તા, પૂલો અને સડકો વગેરે બાંધે છે, તેમજ સમરાવે છે (સ ૨) એ ખાતા તરફથી તાલુકમા કોણ હોય છે? જ ઓવરસીઅર (સ ૩) ઓવરસીઅરના ઉપરીને શુ કહે? જ એકિઝકયુટિવ ઇજનેર

કેળવણી ખાતુ—(સ ૧) આસિસ્ટટ માસ્તરના ઉપરીને શુ કહે છે? જ મહેતાજી (સ ૨) નિશાળોની તપાસ રાખવા માટે જિલ્લામા કોણ છે? જ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર (સ ૩)

ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટરને મદદ કરનાર કોણ? જ આસિ ડે એ ઇન્સ્પેકટરો અને તાલુકા માસ્તરો

મ્યુનિસિપલ ખાતુ—(સ ૧) મ્યુનિસિપાલીટી શુ શુ કામ કરે છે? જ રસ્તા સાફ રાખવાનુ, દીવાબત્તી સળગાવવાનુ, સડકો પર પાણી છાંટવાનુ, લોકોની સુખાકારી સભાળવાનુ, શરૂઆતની કેળવણી આપવાનુ વગેરે (સ ૨) મ્યુનિસિપાલીટીનો ખરચ શાથી નભે છે? જ જકાત, બાજરૂવેરો, ઘરવેરો, નળવેરો, ગાડીવેરો વગેરેથી (સ ૩) મ્યુનિસિપાલીટી કયા ગામમા હોય અને કયા ગામમા ન હોય? જ પાચ હજાર કરતા વધારે માણસની વસ્તી હોય ત્યા મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યા ન હોય (સ ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કેવી રીતે ચાલે છે? જ સરકાર તરફથી નિમાયલા અને પ્રજા તરફથી ચુટી કઢાયલા સભાસદોથી (સ ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે? જ કમિશનર (સ ૬) મ્યુનિસિપાલીટીમા સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ કોણ હોય છે? જ પ્રેસિડન્ટ અને તેને મદદ કરવાને કમિશનર, ચીફ ઓફિસર, સેક્રેટરી, ઇન્સ્પેક્ટરો ને કારકુનો વગેરે હોય છે

લોકલફડ ખાતુ—(સ ૧) લોકલફડ ખાતુ શુ શુ કામ કરે છે? જ કુવા, તળાવ, રસ્તા, વધારે બધાવવાનુ તથા સમરાવવાનુ અને કેળવણી આપવાનુ (સ ૨) લોકલફડ ખાતાનો ખરચ શેમાથી ચાલે છે? જ સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે, તે પર દર રૂપીએ સવા આનો લોકલફડનો વધારો લે છે તેમાથી ચાલે છે (સ ૩) લોકલફડનો વહીવટ કરનાર મડળને શુ કહે છે? જ લોકલબોર્ડ (સ ૪) લોકલફડનો હિસાબ રાખનાર અધિકારીને શું કહે છે? જ લોકલફડ કલાર્ક

પોસ્ટ ખાતુ—(સ ૧) પોસ્ટ ખાતુ શુ કામ કરે છે? જ કાગળો, બેગીઓ, પારસનો તથા પૈસા એક ગામથી બીજે ગામ લઈ જવા લાવવાનુ તથા પૈસા સાચવી તેનુ વ્યાજ આપવાનુ કામ કરે છે (સ ૨) પોસ્ટ આફિસના ઉપરીને શુ કહે છે, જ પોસ્ટ માસ્તર (સ ૩) પોસ્ટ માસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે? કારકુન, સિપાઈ ટપાલી

પરચુરણ—ઉપર સિવાય તારખાતુ, જગલખાતુ, સરવેખાતુ, એગ્રિકલચર ખાતુ, આબકારી ખાતુ, કસ્ટમ ખાતુ, નીમક ખાતુ, શીતળા ખાતુ, રજીસ્ટર ખાતુ વગેરે ઘણા ખાતા છે

વ્યાખ્યા

શેરી—સામસામી ઘરોની હાર હોય તે

મહોલ્લો—ઘણી શેરી મળીને થએલો ભાગ

પરૂં—શહેરનો પાછળથી વધેલો ભાગ

ગામ—નાના નાના ઘણા ઘરની વસ્તી હોય તે

કસ્બો—તાલુકાનુ સૌથી મોટુ ગામ જેના ૫૦૦૦ કરતા વધારે માણસની વસ્તી હોય તે

શહેર—સારા મોટા બજારો, છોબધ અને હારબધ ઘણા ઘરો હોય તે

તાલુકો—ઘણા ગામો મળીને થએલો ભાગ, જે મામલતદારના તાબામા હોય છે તે

જિલ્લો—કલેક્ટરના તાબાનો મુલક કે જેના ઘણા તાલુકા આવેલા હોય છે તે

બદર—નદી કે દરીઆ કાંઠે આવેલુ શહેર કે જ્યાથી ઘણો માલ વહાણુ મારફતે આવ જા થતો હોય તે

એજન્સિ—દેશી રાજાનો મુલક કે જે પોલિટિકલ એજટના તાબામા હોય છે તે

પોલિટિકલ એજંટ—દેશી રાજ્યપર દેખરેખ રાખનાર સરકારી અધિકારી

તળાવ—જેની ચારે બાજુ જમીન ને વચ્ચે પાણી હોય તે

બેટ—જેની ચારે બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે

પહાડ—ઘણા ઉંચા, લાંબા, પહોળા ટેકરા મળી થયેલો ભાગ

નદી—મીઠા પાણીનો રેલો પર્વત અથવા સરોવરમાંથી નીકળી નીચાણ જગાપર થઇ મોટી નદી અથવા દરીઆને મળે છે તે

સમુદ્ર—ખારા પાણીનો ભાગ આગબોટ વગેરેનો માલ લાવવા લઇ જવાનો ધોરી રસ્તો નદીને મળવાનું ઠેકાણું

મીઠાબંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગ્યા

હવાખાવાનું ઠેકાણું—જ્યાં ચોકખી ને ઠંડી હવા આવતી હોય તે

તીર્થસ્થળ—(જાત્રાનાં ઠેકાણાં) પવિત્ર જગા કે જ્યાં પુષ્કળ જાત્રાળુ આવતા હોય છે

પેદાશ—ગામમાં કે શહેરમાં કે જિલ્લામાં થતો મુખ્ય પાક

નિકાસ—બીજે દેશ જતી ચીજો

આયાત (પરદેશથી આવતી ચીજો)—લોખંડ કામ, કાચ, કાપડ ઇમારતી લાકડાં, ખાંડ કાગળ, દવા, દારૂ વગેરે

ડ્રિલ માટે આપેલી સૂચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ

ડમ્બેલ્સની ડ્રિલ

દરેક રમત ૧૧ સુધી કરાવવી બાદ ડમ્બેલ્સ પહેલાં મૂકેલા હતા તે પ્રમાણે મુકાવી દેવડાવવા

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલવવાનો

રમત ૧૧) (૧) જમણો હાથ ઉંચે (૨) જમણા હાથની મુઠ્ઠી મો તરફ લઈ ફેરવીને ઉંચો રાખવો

રમત ૧૨) (૧) ડાબો હાથ ઉંચો (૨) ડાબા હાથની મુઠ્ઠી મો તરફથી લઇ ફેરવીને ઉચો રાખવો.

રમત ૧૩) (૧) જમણો હાથ ઉચો (૨) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉચો રાખવો

રમત ૧૪) (૧) ડાબો હાથ ઉચો (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉચો રાખવો

રમત ૧૫) બેઉ હાથ ઉચા રાખવા (૧) જમણા હાથની મુઠ્ઠી મો તરફથી લઇ ફેરવી જમણો હાથ ઉચો રાખવો (૨) ડાબા હાથની મુઠ્ઠી મો તરફથી લઇ ફેરવીને ડાબો હાથ ઉચો રાખવો

રમત ૧૬) બેઉ હાથ ઉચા રાખવા (૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉચો રાખવો (૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉચો રાખવો

રમત ૧૭) બેઉ હાથ ઉચા (૧) જમણો હાથ માથા ઉપરથી મો તરફથી લઇ ફેરવીને ઉચો રાખવો (૨) ડાબો હાથ માથા ઉપરથી મો તરફથી લઈ ફરવીને ઉંચો રાખવો

રમત ૧૮) (૧) બેઉ હાથ સામા લાબા મુઠ્ઠીઓ જમીન તરફ (૨) બેઉ હાથ બગલ આગળ લાવવા કોણીઓ પાછલી તરફ

રમત ૧૯) (૧) બેઉ હાથ સામા લાબા મુઠ્ઠીઓ જમીન તરફ (૨) બેઉ હાથ પાછળ લાબા મુઠ્ઠીઓ આકાશ તરફ

રમત ૨૦) બેઉ પગ વચ્ચે એક ફુટનુ અતર રાખવુ (૧) બેઉ હાથ ઉંચા (૨) બેઉ હાથ પગના આગળા આગળ

પાઠવાર જોડાક્ષરો તથા અઘરા શબ્દો.

પરમેશ્વરે.	અસાડ.	ખદખદતો.	શિવશંકર.	ખેંચાતાણ.
કર્યું.	ધોએલા.	જકડી.	ચક્કરમાં.	સહીઅરો.
વટેમાર્ગુ.	વિખુટા	માંદું.	દોડાદોડ.	કદ્દા.
ભક્તિ.	પિત્તળના.	ટૂંકમાં.	ઘૂમી રહ્યા.	નિંદે.
પૃથ્વી.	મિઠાઈ.	પિવાડતો.	ઉડાડયો.	કલેશ.
ધર્મશાળા	લક્કડ.	અભાગીઉ	ભૂલથાપ.	રામચંદ્રજી.
હોશિયારી.	પુષ્કળ.	ગોધતો	દઢ.	દર્પણ.
વર્ણન	સુતરાઉ.	કૂદવું.	હુંકીની.	શ્રીરામ.
ભ્રમર.	દ્રાક્ષ.	સમજાવ્યું.	મિત્ર	કૌશલ્યા.
પૂર્વે.	ટાઢો.	ઊંઘ્યા.	અર્ધું.	ઊઠયો.
ઝગઝગાટ	નિશાન.	શિખામણ.	સ્વાદ.	ઇચ્છા.
ભક્ત	ઠરેલા.	નિશાળ.	કુટુંબના.	ગભરાટમાં.
ધ્યાન	અથડાયું	મુદ્દલ	સોહામણી	ગણકાર્યું
શ્રાવણ	ભાગ્યશાળી	વિસ્મય	નુકસાન	સર્વે
વસ્ત્ર	વિદ્યા	ભાઈભાંડુ	પુતળા	વિચાર્યું
દિવાળી	પુત્ર.	ઢોંગ	ધાન્યથી	બ્રાહ્મણ
પોષ	ગૂંઠી	યત્ન.	ચટણી	વિદ્યાર્થી
સૂદ.	ગોટામાં	તૂટેલા.	પોતલીમાં	ચૂર્ણ
પખવાડીઆ	દિવસ	હિંમત	ફેંટયું	ધણિઆણી
તિથિઓ	ગધેડાનું	ભીડયો	ફૂટેલું	છોકરાછૈયાં
ચૈત્ર	મસ્તીમાં	છૂટી	પસ્તાયો	ઇશ્વર
વૈશાખ	તમર	અજીતસિંહ	ઝુંટવી	જન્મ

ભાગીતૂટી. અર્ઘી. ધગધગતા. મૂજતો
વિચાર્યું . વાટમા લગ્ન સોભાગચંદ
ગાર્ડ. હડધ્ધાએલુ પ્રિઅંગ્થી પહેર્યા
સ્ટેશન. શિખામણ. ટાકણે. બ્રાહ્મણ.
સદેશો. નિહાળ્યુ. આપકર્મી. દેશાવર.
સોપ્યો. ડર્યો. બાપકર્મી. સ્ત્રી.
દુખ. ઝૂલતા. સોપ્યુ. અર્ઘા.
ગોઠવણ. હૈયેછાકરે. ઉદ્દસીગ. ઢળાએલા.
ખડખડાટ. પસેટકે. ઓચોતી. અંગુઠીઆ
સિસોટીનો ખૂબસુરત ઠેકાણી નિશાની.
મિનિટ. રૂપીઆ. લશ્કર. હુકડુ.
દારૂ ભૂખ્યો. હિમત. પુંછળી. ૪
હીચકો. શીગડાનો. પ્રાર્થના. પ્રભુનો. ૨
હિચોળે દોડ્યુ તડગ્રહસ્ત મહિમા, ૧
ઢીમણુ ખડખડાટ દુશ્મન જગપતિ ટે
ઓઢો. અકટમાળી દેડકા સારુજાવ્યા પ્
નીમણુક ક્રિઅળ કૂદકો ધુ રેદ
ચીતરામણ ભર્યા તડકેસો સરિતા નિ
દીલગીરી ગભરાટ કૂદતુ રળિઆમણી મુક
ઢેકાઢળીઆ પ્રાણી. ચઢાઉ સૂર્યનો વગ
ધૂળમા ચટાપટા ભિખારીને સહાય ખૂ
દાટે ડોલ ઉતર્યુ વનસ્પતિ નિર
કિનારો ભણ્ડીમા ભૂલ્યો નાળિએરી ઇર્ષ્યા

બ	મુળીઆ	કુકકર	કુકરેકૂ
માવી	ઝીંઝવો	શિઆળવાં	તણુપ
મક્ષરો	ચેરાઉ	ર ધાઇને	બચ્ચ
ભઠ્ઠા	ગડીઓ	હિસાબે	જાગ
વિષે	સુગંધ	પૈસાદાર	નકકર
જન્મ	અત્તર	તત્કાળ	પ્રીતિ
છિદ્રો	દાડી	વાઘરી	શરત
તાંબુ	સાદડીઓ	ઓઢીને	ટટ્ટીઓ
પિત્તળના	ઝુંપડા	ધુણી	ઉપયોગી
ધંધો	ગુસ્છો	બગાડયુ,	બરદાસ
તાબાકુંડી	સળગ	ઇચ્છા	ત્રીસ,
કથરોટ	અથાણુ	ઇંડા	ભૂકેછે
પુષ્કળ	કોવતવાળુ	રક્ષણ	વહાલા
સિક્કા	આળસુ	જંતુનો	અડીઅલ
ટંકશાળ	કોશ	હુન્નર	મહેનત
પૂછયુ	ધુસરી	મંકોડા	કહાગરૂ
મેળવણીથી	અન્ન	ઉદ્યોગ	ટટ્ટુ
શિરોઈ	સંતોષ	ખાબોચીઉં	ખચ્ચર
કટાતુ	લટ્ટુ	ચીકટ	ધડ
ચળકાટ	ઉત્તમ	ભિંજાતુ	હોઠ
સસ્તુ	ટાંકણે	દાડીઓ	હડપચી
પાદડીનુ	ઝપાટો	ભિંજાઈ	શીંગડાં
પાંદડીનુ	અગિઆર	ખોતરવાની	ઝાડુ